# સુખદુઃખસંજ્ઞા




પ્રશાંત દેસાઈ

# Sukh Dukh Sanjna

Based on Bhagvad Giita

Written & Published by

Prashant Desai

dipt.me

e-published

April 16, 2025

## .. સુ ખ દુઃ ખ સં જ્ઞા ..

સંપન્ન – પૂજન

હનુમાન જયંતી

ચૈત્રી પૂનમ, રવિવાર, ૮ એપ્રિલ ૨૦૦૧

મૂલ્ય : સહયોગ

© Prashant Desai

All Rights Reserved.

Without the prior written permission of the publisher,
This book may not be reproduced or sold in any form.

Email: usha.dipt@gmail.com / Visit at: www.dipt.me

॥ શ્રીૐ તત્સત્ ॥

સૌને 'જય શ્રીકૃષ્ણ'.

આ 'સુખદુ:ખસંજ્ઞા' ચાલીસીએ સંપન્ન કર્યું હતું પણ કારણોસર પ્રકાશિત ન કરી શક્યો; હવે નિવૃત્તિવેળાએ એને આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરી રહ્યો છું. સાંપ્રંતકાળે 'વેબ-ઇન્ટરનેટ' અને 'સોશ્યલ મિડિયા'નાં પ્રાપ્ય લાભે, આવશ્યક સુધારા-વધારા સહ 'ઈ-બુક' પ્રકાશિત કરતાં, હર્ષાન્વિત થયો છું.

સૌનું જીવન ઈશ્વરભાવન બને, તે માટે આ પુસ્તકની ચિંતનકણિકાઓ ઉપયોગી થાય, એવી અંતરની અભ્યર્થના.

લેખનથી માંડીને પ્રકાશન સુધીના સાથ-સહકાર અને પ્રોત્સાહન માટે, ધર્મપથસંગાથી.. ઉષાનો આભારી છું. અસ્તુ,

૧૬-૦૪-૨૦૨૫ પ્રશાંત દેસાઈ
Austin, USA

સુખદુ:ખસંજ્ઞા, આ પુસ્તક..

.. પણ તમે સમય આપીને વાંચજો, ચિંતન કરજો!

તમે પણ સમય આપીને વાંચજો, ચિંતન કરજો!

તમે સમય પણ આપીને વાંચજો, ચિંતન કરજો!

તમે સમય આપીને પણ વાંચજો, ચિંતન કરજો!

તમે સમય આપીને વાંચજો, પણ ચિંતન કરજો!

તમે સમય આપીને વાંચજો, ચિંતન પણ કરજો!

તમે સમય આપીને વાંચજો, ચિંતન કરજો! પણ..

અનુભવજો!

॥ શ્રીહરિ ॥

સૌજન્યપ્રિય માતાપિતા, "જમુના-ઘનશ્યામ"ના ઉત્તમ સંસ્કારોના સિંચનથી પ્રશાંતનું શૈશવ રમ્ય બન્યું. જેનું શૈશવ રમ્ય તેનું ઉન્નત હોય જીવનલક્ષ્ય. શૈશવ ખીલવે તે યૌવન માણે. યૌવનને માણવું એટલે ધ્યેયનિષ્ઠ જીવનને સમર્પિત થવું.

પૂણ્યપ્રતાપે પ્રશાંતને પ્રેરણામૂર્તિ પૂજ્ય દાદાજીની સ્વાધ્યાય પ્રવૃત્તિનો રંગ લાગ્યો. એ રંગના નશામાં 'ગીતામૃતમ્'ના સથવારે જીવનનો એક અટલ સિદ્ધાંત સમજાયો "સુખ-દુઃખ બન્ને અલ્પજીવી છે, આવે છે-જાય છે પણ 'હું' આત્મજ્યોતિ અજ છું, નિત્ય છું, શાશ્વત છું, સ્વયંપ્રકાશ છું. કર્મભોગો તો દેહ સાથે એકરૂપ થવાથી ભોગવવા પડે છે. જ્ઞાનભાનુ આત્માને સુખ કે દુઃખ સ્પર્શી શકતું જ નથી."

ગીતાજી ભગવાનશ્રીએ સ્વમુખે ગાઈ છે. એ કર્તવ્યદીક્ષા દે છે, સમત્વની શિક્ષા આપે છે, જ્ઞાનની ભીક્ષા પણ પીરસે છે. ધ્યાનની પ્રક્રિયા સમજાવે છે તો વળી શરણાગતિની સાચી સમજ પણ આપે છે. એ અભયદાન આપે છે એટલું જ નહીં, કલ્પિત ભ્રાંતિને ભગાડીને 'સ્વ'ની સ્મૃતિદ્વારા પરમાનંદની પ્રાપ્તિ પણ કરાવે છે.

गीता ज्ञानं महा ज्ञानं अनुभूतं यदा हृदि।
ગીતાજ્ઞાન મહાજ્ઞાન અનુભૂતિ જો હૃદયતણી,
पराशांतिः भवेत्तस्य कृतकृत्यो न संशयः॥
પરાશાંતિ તો મળે ને કૃતકૃત્યતા, ન સંશય.

લગની જો લગાડે છે અંતરે માનવીતણા
ખૂંપે છે, બસ! એમાં એ, એ જ એની પ્રસન્નતા

પ્રસન્નતાથી પ્રાપ્ત થતી એવી એક ધન્ય પળે, ભાઈ પ્રશાંતે પ્રશાંતાવસ્થામાં આંતરયાત્રાનો પ્રારંભ કર્યો લાગે છે. ધીરે ધીરે અંતરતમમાં અવગાહન કરતાં, કંઈક વિચારપથનીના પ્રતાપે, સ્વાનુભૂતિનાં રસસીકર પ્રાપ્ત થયાં. અંતરગુહામાં સંગૃહીત એ રસસીકરોની એક સરવાણી વહેવા લાગી. સ્મૃતિપટમાંથી ઉભરાતી એ રસસરવાણીએ અક્ષરદેહ પ્રાપ્ત કર્યો; એ છે આ 'સુખદુઃખસંજ્ઞા'. એનો આ પ્રયાસ શ્લાઘ્ય છે. પ્રેમ, નિષ્ઠા અને અંતર્મુખતાથી પ્રાપ્ત થતી આ રસલ્હાણ વિચારશીલ વાચકને ગમશે, પ્રોત્સાહક બનશે.

ગીતાજીનો અંતિમ આદેશ છે, "मामेकं शरणं व्रज॥"
ભગવાનશ્રીના ચરણે સાચા શરણથી સમર્પિત થઈને,

सर्वधर्मान्परित्यज्य त्वामहं शरणं गतः।
છોડીને સઘળાં ધર્મો તારે શરણે હું પ્રભુ!
पापंपुण्यं न जानामि त्वमेव रक्षको मम॥
પાપ–પુણ્ય ન જાણું રક્ષક મારો તું જ છું.

એમ જે વિનવે છે, તે પ્રશાંત બને છે, પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

પ્રશાંતની ચિંતન સરવાણી માટે આવી રુચિ ઉત્તરોત્તર વધતી રહો, એ જ શુભાશિષ.

વડોદરા — ભાનુપ્રસાદ પ્ર. ઉપાસની
રામનવમી ૨૦૫૭

સૌ શાંતિ ઝંખે છે. જીવનમાં જે શાંતિ હરે છે તેમને ઓળખવાં જોઇએ, તો નિરાકરણ થાય. માનવ માત્ર શામાં અટવાય છે? મનમાં એવો પ્રશ્ન થયો અને ચિંતન કરતાં જવાબ મળ્યો, 'સુખ–દુઃખ'. આ બન્ને તત્ત્વો જીવનની શાંતિ હરે છે તેથી, તેનાં મૂળ સુધી જવાની જિજ્ઞાસા થઈ.

એક યુવાને મહાપુરુષને કહ્યું, "હું ઈશ્વરને માનતો નથી. દુનિયામાં આટલી વિષમતા કેમ છે? કોઈ સુખી કોઈ દુઃખી; થોડાં અમીર ઘણાં ગરીબ! આ અસમાનતા દૂર કરો તો તેને માનું."

મહાપુરુષે કહ્યું, "સૌનાં વિચાર સરખા કરી લાવ, હું બધાંને સમાન કરી દઈશ. કોઈની પાસે પુસ્તકાલય જેટલા વિચારો છે, તો કોઈ વિચારોથી સાવ જ કંગાળ છે. થોડાં સાત્ત્વિક તો ઘણા તામસિક કેમ છે? તું બધાનાં હેતુઓ સમાન કરી લાવ, હું સૌમાં સંવાદિતતા ભરી દઈશ."

યુવાન બોલ્યો, "સૌનાં વિચારો એક સરખાં કેમ થાય? એ અશક્ય છે. વળી સ્વભાવ પણ બધાનાં ચિત્ર–વિચિત્ર રહેવાનાં, સમાન ના થાય."

જ્ઞાની બોલ્યા, "જો એવું શક્ય નથી તો તારી વાત ક્યાંથી શક્ય થાય? કારણ, આંતરિક કલ્પનાઓ જ બાહ્યાભિમુખ થાય છે; અંદરની ઇચ્છા માત્ર કાળક્રમે બાહ્ય પરિસ્થિતિ નિર્માણ કરે છે. વિચારો જ ખરાં આચાર છે અને તેમાં ઈશ્વરને ન માનવા એ ક્યાંની બુદ્ધિમત્તા છે?"

યુવક સમજી ગયો. ભૂલ આપણી છે; વિષમતા, સુખ–દુઃખ ઈશ્વરે આપેલાં નથી, તે આપણી સમજણ છે કાં તો જાતે જ ઊભા કર્યાં છે. ઈશ્વર.. અજ્ઞાત તત્ત્વ.. એ તો માત્ર શક્તિદાતા છે!

મારે સુખ–દુઃખ સમજવા હતાં એ પહેલી પગથી હતી. વિચારો મને કેટલીય પગથી ઉપર લઈ ગયા. એ ઉપરનાં તત્ત્વોએ મને સુખદુઃખની સમ્યક્ સમજણ આપી. એની નિસરણી સ્વાધ્યાય છે.

પૂજ્ય દાદાજીનું પ્રભુકાર્ય અને શ્રીગીતાજીનો અભ્યાસ, જ્યારથી જીવનમાં આવ્યાં છે ત્યારથી ઘણી જિજ્ઞાસા વધી; પ્રકાશ મળ્યો. જેમ જેમ આગળ વધ્યો તેમ તેમ રહસ્યો ખૂલ્યાં; એની સરવાણી આ પુસ્તકમાં મળશે. ગીતાજીનાં શબ્દો પર ચિંતન કરવાનો લ્હાવો અનેરો છે, તે દરેકે લેવો જોઈએ અને બીજાઓને પ્રોત્સાહન આપવું જોઈએ.

મને સુખ–દુઃખની સંજ્ઞા મળી. સાચું કહું તો સુખ–દુઃખરૂપ દરવાજા ખુલ્યાં અને સાચા જીવનનાં, જીવન મૂલ્યોનાં દર્શન થયાં તે આ પુસ્તકમાં સંપાદિત કર્યાં છે. શિર્ષક દ્વારે સુખદુઃખ લીધાં છે. તે 'હરદ્વાર' આપણને લઈ જાય છે જીવનનાં એક ઉચ્ચત્તર, ઉત્તરખંડમાં જ્યાં એક પ્રશાંતિ મંત્ર મળે છે; જ્યાં આનંદ અને માત્ર આનંદ જ રહે છે.

શબ્દસ્ફોટ, શબ્દની સાચી ઓળખ અને નવા દૃષ્ટિકોણ સ્વાધ્યાયી જીવનની ફળશ્રુતિ છે. તે વિચારપુષ્પો આ 'સુખદુઃખસંજ્ઞા'માં છે. આ સંપાદનનો શ્રેય દાદાજીને છે. યુગપ્રણેતા, આર્ષદૃષ્ટા શ્રીપાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી, સૌમાં 'ભારતીયતા' ભરે છે. હું એકાદ સંપ્રદાયના વાડામાં ગોંધાઈ ન રહેતાં, ધર્મનાં વૈશ્વિક ફલક ઉપર આવી શક્યો; હું મારા જ સંપ્રદાયને વિશેષ ઓળખી શક્યો. મને સ્વાધ્યાય મળ્યો, તેને હું પ્રભુની કૃપા ગણું છું, કારણ મને પુષ્ટિ મળી, મને સાચો માનવધર્મ સમજાયો.

દાદાજીએ વિશ્વભરનાં ચિંતકો, વિચારકો, જ્ઞાનીઓ, ઋષીઓ અને સ્વયં ઈશ્વરનાં વિચારોને સરળ રીતે રજૂ કર્યાં છે. જાણે કે વેદવ્યાસ! સાંપ્રદાયતા, ભારતની વિશાળ અને અખિલ સંસ્કૃતિને ઓળખી ન શકે; જેનું નિરાકરણ દાદાજીએ સ્વાધ્યાય દ્વારા કર્યું છે, ભારતની સાચી ઓળખ આપીને.

યુગદૃષ્ટા સ્વામી વિવેકાનંદનું વેદોક્ત ઉદ્‌બોધન उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत॥ એ પૂર્વાર્ધને પૂર્ણ કરતો ઉત્તરાર્ધ વેદોક્ત જીવનમંત્ર ઋષિવર દાદાજીએ આપ્યો, स्वाध्यायान् मा प्रमदः॥

આ વેદમંત્રો જનગણમન અધિનાયક છે! ભારત ભાગ્ય વિધાતા છે! જય હો !!

સુજ્ઞોનું અનુમોદન  એ જ  સાચું પ્રમાણપત્ર!

શાળાકીય અભ્યાસ દરમ્યાન 'જ્યોતિધામ' વાઘોડિયામાં જેમના થકી આધ્યાત્મિક માહોલ મળતો રહ્યો તે, આદરણીય આચાર્ય શ્રી ભાનુપ્રસાદ ઉપાસનીજીના આશીર્વાદ જ મારે મન અમુલ્ય પ્રશસ્તિ છે. ઈશ્વરને પ્રાર્થું કે વિદ્યાર્થીઓને આવા શિસ્તપ્રિય, પ્રામાણિક અને માઁ ગીતાના ઉપાસક, શિક્ષક-આચાર્ય મળતા રહે.

આર્ષભારત નિમિત્તે, આ લેખ-પુષ્પ સકૃતજ્ઞ અર્પણ કરું છું ..

મારા  માતા-પિતાને... ઘનશ્યામ-જમુને.. ..



**ઘ**ટાસોહી<br>
**ન**ભ ને<br>
**શ્યા**મલ રંગ !<br>
**મ**ને<br>
**જ**<br>
**મુ**ક્યો<br>
**ને**હાધારે !! .. .. .. .. **પ્રશાંત દેસાઈ**

ચૈત્ર સુદ બારસ<br>
૦૫.૦૪.૨૦૦૧




॥ सु खं दुः खं रमतः ॥

.. પ્રશાંત દેસાઇ ..

www.dipt.me

| ક્રમ | સુખ દુઃખ સંજ્ઞા | પૃષ્ઠ |
|---|---|---|


| | | |
|---|---|---|
| | પ્રકાશન પર્વે | ૦૩ |
| | શુભાશિષ | ૦૪ |
| | પ્ર.લેખ | ૦૬ |
| ૧ | આનંદ.. આત્માની સહજ અવસ્થા | ૧૧ |
| ૨ | ખં એટલે .. | ૧૪ |
| ૩ | અલૌકિક સ્વાર્થ | ૧૮ |
| ૪ | વિધાયક દૃષ્ટિકોણ | ૨૧ |
| ૫ | શાંતિ પાઠ | ૨૪ |
| ૬ | અર્જુનની મનઃસ્થિતિ | ૨૬ |
| ૭ | શ્રીગીતા.. પ્રભુની પ્રેમ લિપિ | ૩૦ |
| ૮ | શ્રીગીતા.. આનંદની પરિભાષા | ૩૩ |
| ૯ | સુખ દુઃખનો માત્રાક્રમ | ૩૮ |
| ૧૦ | સ્થિતપ્રજ્ઞ અને સુખદુઃખ | ૪૧ |
| ૧૧ | યોગપૂર્ણ  પ્રશાંતિ | ૪૬ |
| ૧૨ | શરણભાવ | ૫૨ |
| ૧૩ | અનુજ્ઞાન | ૫૭ |


विश्वगुरुर्योगेश्वर ॐ पूर्णः पुरुषोत्तमः।
सर्वानन्दो वासुदेवो भगवन् शरणं मम॥
अन्तर्यामिन्योगीश्वरस्तत्सच्चिद्ब्रह्मपरमम्।
पांडुरंगः शं वल्लभः  श्रीकृष्णः शरणं मम॥

જીવનની ઉચ્ચ અવસ્થા આનંદ છે અને તે સહજ છે, સ્વાભાવિક છે. જ્યાં આત્મા, ત્યાં આનંદ. આત્માનું અસ્તિત્વ જ આનંદમય છે. તેથી તો આત્માનંદ, નિત્યાનંદ, સદાનંદ, પરમાનંદ, સહજાનંદ એવાં શબ્દો છે!

સહ.જ એટલે સાથે જન્મેલું, જન્મ એટલે જ 'આનંદનું અવતરણ'. એક ચિન્મય આત્મતત્ત્વ अहं અને इच्छाની આંગળી પકડીને પ્રકૃતિનાં ક્ષેત્રમાં અવતરણ કરે છે. તે આનંદથી – આનંદ વડે – આનંદ માટે જ રમવા આવે છે, નિત્ય આનંદી રહેવા આવે છે, પણ! જીવનની ઘટમાળમાં એ આનંદ રહે છે ખરો કે? કોઈપણ પરિસ્થિતિમાં આનંદિત રહી શકાય કે? આ એક સાર્વજનિક સમસ્યા છે, માનવમાત્રનો પ્રશ્ન છે.

સૃષ્ટિ જુઓ, બધુંય આનંદમગ્ન છે. જે આત્મસ્થ છે, જે આનંદની સહજ અવસ્થાથી વિખૂટા નથી, તે સૌ આનંદમય છે અને સર્વત્ર આનંદ રેલાવે છે. નિસર્ગ, નાનું બાળક, મહાપુરુષ.. સદા પ્રસન્ન અને પ્રફુલ્લિત હોય છે. તેમનું સામિપ્ય આપણને પણ આનંદ આપે છે. પ્રકૃતિ, પશુ, પક્ષી, નદી, સમુદ્ર.. સૌ આપણામાં આનંદ રેડે છે. માનવપ્રાણી પણ, દેહ ધારણ કરીને જગતમાં આવે છે ત્યારે તે બાળક કેવું આનંદપૂર્ણ હોય છે? પછી નાના બાળકનો એ નૈસર્ગિક આનંદ જાય છે ક્યાં? ક્યારે? કેમ? કદાચ, એનો આનંદ છીનવવા માટે આપણે સૌ જવાબદાર છીએ.

આપણે 'આનંદ શોધવાવાળા' અને તે બાળક 'આનંદથી ભરપૂર!' એની બંધ મૂઠ્ઠીનો આનંદ આપણને જાણે ખૂંચે છે અને તેથી, તેનો આનંદ તેની પાસેથી લઈને બહારની વસ્તુઓમાં લાવી મૂકીએ છીએ. તેનો જ આનંદ તેને ઘૂઘરામાં કે ઢીંગલીમાં દેખાડવામાં આવે છે. એ મૂક બાળકને ટેવ પાડવામાં આવે છે કે 'આનંદ તારો પોતાનો નથી, તે આવાં રમકડાઓમાંથી જ મળે; તે તું મેળવ!' આવું કરીને એની જન્મજાત સમૃદ્ધિ છીનવી લઈએ છીએ. પહેલેથી જ બાહ્યાભિમુખ કરી દઈએ છીએ.

આ આપણું પરાક્રમ! જાણે-અજાણે એને આપણા જેવો જ બનાવી દઈએ છીએ. આપણી દુનિયામાં એનું સ્વાગત કરીએ છીએ, 'લે અમારી જેમ જ, હવે શોધ આનંદને!'

એનો સ્વાનંદ, પરાનંદમાં ફેરવાય છે. જે સહજ હતો તે દુષ્કર થઈ પડે છે. હવે તે, જીવનપર્યંત આવા સજીવ-નિર્જીવ રમકડાઓમાં આનંદ શોધ્યા કરશે. જે અંદર છે તેને બહાર પકડવા દોડશે, અથડાશે, ક્યાં ક્યાં જશે? સહજ અવસ્થાથી  દૂર દૂર નીકળી જશે; અને પછી જે જાતે શોધે છે તે બીજાને ક્યાંથી આપી શકશે? આ આપણી વાસ્તવિક અવસ્થા!

આનંદ, સાથે હોવા છતાં શોધવો પડે! જે સતત આપણી અંદર છે છતાં તેની અનુભૂતિ નથી અને બહાર, જ્યાં નથી જ નથી ત્યાં શોધવામાં આવે છે! બહાર વિષયોમાં આનંદ છે એમ મનાવીને, જીવને દોડાવે, ભટકાવે, ગોળ ગોળ ફેરવે.. એનું નામ છે जगन्माया! માયાવી જગત!

આનંદ શોધવાની આ પ્રવૃત્તિમાં, હવે આ માનવ જીવડો ભ્રાંતચિત્ત થાય છે. 'સુખ'ને જ આનંદ ગણીને તેની પાછળ દોડે છે. વેદાંત આ વૃત્તિને अविद्या કહે છે.

બાહ્યજગતમાં આનંદ શોધવામાં, પરિસ્થિતિ પ્રમાણે 'જોઈએ' અથવા 'ન જોઈએ' અવી મનોવૃત્તિ થાય છે. તેમાં એવું લાગે કે અમુક 'મળે' તો આનંદ અને અમુક 'ન મળે' તો આનંદ. કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે સ્થિતિ ગમે – ન ગમે, ભાવે – ન ભાવે, બને – ન બને, ચાલે – ન ચાલે, એવી આ 'અનુકૂળ-પ્રતિકૂળ' પરિસ્થિતિઓ સુખ-દુ:ખરૂપ લાગે છે. સામાન્ય રીતે સુખ મળે તો આનંદ, દુ:ખ ન મળે તો આનંદ! દરેકને આ 'મળે – ન મળે'ની વૃત્તિ એટલે કે 'સુખની ઇચ્છા ને દુ:ખની અનિચ્છા'નો ભાવ થાય છે. શાસ્ત્રીય ભાષામાં એને काम કહે છે.

ગુજરાતીમાં 'કામ' શબ્દ ત્રણ અર્થમાં પ્રચલિત છે. એક 'કામકાજ' તરીકે, બીજે 'કામુકતા' Sexના સંદર્ભમાં અને ત્રીજે, મૂળ સંસ્કૃતનાં અર્થમાં 'મનોકામના'; ઇચ્છા-અનિચ્છાનું સ્પષ્ટ રૂપ, તે કામના કહેવાય છે.

'ગમતું - અણગમતું' એવા સૂક્ષ્મભાવ પછી મનમાં 'ઇચ્છા કે અનિચ્છા' નિર્માણ થાય છે. બુદ્ધિ જોડાય કે ન જોડાય, અહંકાર સંસ્કાર, સંગત (સોબત) અને અનુભવ પ્રમાણે 'કામના'નું રૂપ આપે, ત્યારે મનમાં કોઈ પણ વિષય માટે 'કામ' નિર્માણ થાય!

એ પછી कामनो संसार, એક લાંબી पतनपरंपरा શરૂ થાય છે. ઇચ્છિતના સંયોગનો मोह, વિયોગનો शोक. સુખ માટે राग (આસક્તિ), દુઃખ માટે द्वेष (તીરસ્કાર). સુખ મળે તો (વધુ મેળવવાનો) लोभ (લાલચ), મળેલું જતું રહેવાનો भय (ડર). સાચવવાની વ્યથા તે क्लेश (સંતાપ). ન મળે તો क्रोध (ક્ષોભ). સુખ છીનવી લેવા સુધીની તૈયારી એટલે अस्तेय (ચોરી), परिग्रह (જમાખોરી), બીજાને મળે તો मत्सर (ઇર્ષ્યા). મળ્યાનો આડંબર, વસ્તુનિષ્ઠ अहंकार (અભિમાન), મારી પાસે છે તે બીજા પાસે નથી તેનો मद (મોટાઈ). આધિપત્યનો गर्व (હક્ક, મમત્વ) વગેરે... છેલ્લે આ પતનપરંપરા, વૃત્તિઓનું એવું આવરણ બનાવે કે જેને प्रमाद કહે છે, ત્યાંથી બહાર નીકળવું જ કપરું.. કઠીન થઈ જાય.

આમાંથી ઉગારે તે યોગ. काम થી છોડાવીને राम સાથે જોડે તે યોગ. જે ક્ષણે આપણે અંતઃપ્રવૃત્ત થઈશું તે જ ક્ષણે અંતરમાં તે અંતર્યામી પ્રત્યક્ષ હશે; તેને શોધવો નહિ પડે. ગાઢ નિદ્રા, સુષુપ્ત છતાં આંતરિક આનંદનો પુરાવો છે. જાગૃત અવસ્થામાં પણ તે આનંદ, તે પરમશાંતિ અનુભવી શકાય જો મન તેનું વલણ બદલે તો.

યોગદર્શનકાર ભગવાન પતંજલીએ કહ્યું, योगः चित्तवृत्तिः निरोधः। આપણા ચિત્તને આ વૃત્તિ-પરંપરામાં ન લઈ જતાં, પ્રશાંત.. પરમાનંદની સ્થિતિમાં પરોવવું તેને યોગ કહે છે.

મનુજ થઈ આયો, રામનો ના થયો, કામથી ભવેભવ ભર્યો ભારો
"ભણે નરસૈંયો, તત્ત્વદર્શન વિના, રત્ન ચિંતામણી જન્મ ખોયો!"

જીવનમાં યોગ આવશે તો પોતાના.. સ્વના આનંદની પુનઃપ્રાપ્તિ થઈ જશે, પણ! યોગ લાવવો કે યોગી થવું એ કાંઈ સહેલું છે? બાવા થવું એ યોગ નથી ને યોગ માટે કંઈ છોડવા-પકડવાની જરૂર પણ નથી અને છતાંય, યોગી થવું એ સહેલી વાત નથી તેમ પહેલી વાત પણ નથી.

પહેલું તો આનંદ જેના થકી છીનવાઈ ગયો છે એમને ઓળખવાના છે. એમને ઓળખીને એમનાથી દૂર થવાનું છે. એ માયાવી તત્ત્વોનું નામ છે સુખ-દુઃખ.

આપણે આ સૃષ્ટિમાં માત્ર સુખ દુઃખ ભોગવવા આવ્યા નથી. પ્રભુએ આનંદ માટે સૃષ્ટિ રચી છે. જો આનંદ ન મળતો હોય તો આપણા સમજવામાં કંઈક ભૂલ છે, ખોટ છે. શું ખોટું છે કે શું ખૂટે છે? એ સમજવાને માટે ભક્તો કે મહાપુરુષો પાસે જવું જોઈએ.

" સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં.."

સુખ-દુઃખનું તત્ત્વ આપણા જ્ઞાનીભક્ત શ્રી નરસિંહ મહેતાએ સમજાવ્યું છે. અહીં પ્રથમ 'ઘટ સાથે ઘડિયાં' આ શબ્દો સમજવાનાં છે, એ પછી જ 'સુખ અને દુઃખ' શબ્દો સમજી શકાશે.

સંસ્કૃતમાં ઘટ ધાતુ છે, घट चेष्टायाम् (१.आ), તેનાથી ઘટ અને ઘટી (ઘડી) શબ્દો બન્યાં. ઘટ એટલે અવકાશ (આકાશતત્ત્વનો ગુણ). ઘટ સાથે ઘડિયાં એટલે સાથે રહેલાં કાળ અને અવકાશ (Time and Space). આ 'સમય અને સંજોગ' જેને આપણે પરિસ્થિતિ કહીએ છીએ અને તેનો પર્યાયી શબ્દ સંસ્કૃતમાં खं છે.

खं એટલે પરિસ્થિતિ.. સમય-સંજોગ.. ઘટ સાથે ઘડી.

હવે, આપણી ભાષામાં અનુકૂળતા માટે सु અને પ્રતિકૂળતા માટે दुः ઉપસર્ગો લાગે છે. જેમકે સુજન-દુર્જન, સુકૃત-દુષ્કૃત, સુશીલ-દુઃશીલ, તે જ રીતે 'સુખ-દુઃખ'. અનુકૂળ खं તે सुखं અને પ્રતિકૂળ खं તે दुःखं.

જે રીતે કાળ ત્રણ છે, ભૂત–વર્તમાન–ભવિષ્ય, તેમ ઘટ (અવકાશ) પણ ત્રણ છે; ઘટિત–ઘટમાન–ઘટિષ્ય.

ઘટિત એટલે પસાર થઈ ગયા, તેની 'ઘટના' થઈ ગઈ. ભવિષ્યમાં પસાર થઈશું, શું 'ઘટશે' તેની ખબર નથી. અત્યારે વર્તમાનનો ખં પસાર થાય છે તે ઘટમાનમાં 'ઘટતું' (યોગ્ય) કરવાનું છે. આમ જે રીતે ઘડી.. time પસાર થાય છે તેની સાથે જ ઘટ.. space પણ પસાર થાય છે.

સામાન્ય રીતે ભૂતકાળનાં અનુભવો એટલે કે ઘટનાઓ પરથી ઘટમાન પસાર થતું હોય છે; એમાં આપણું મન તરત જ 'જોઈએ' કે 'ન જોઈએ' નક્કી કરી લે છે. મનમાં ઇચ્છા–અનિચ્છાના પૂર્વગ્રહો હોય જ છે. મન ગમતું જ શોધે છે, મન તેને ફાવે તેવું.. મનગમતું જ પકડે છે. મન અને શરીરને સહેજે અનુકૂળતા ગમે, પ્રતિકૂળતા ન ગમે.

બહાર ભટકતા મનને એવી ટેવ પડી છે કે કોઈ પણ બાબત વસ્તુતઃ (As it is) સ્વીકારવા તૈયાર જ નથી. દાખલા તરીકે ગંધ; મન જાણે છે કે ગંધ આવશે અને ચાલી જશે છતાં તેની આગળ 'સુ' કે 'દુઃ' લગાડીને જ વર્તન કરશે. ગમતી હોય તો 'સુગંધ' અને ન ગમે તો 'દુર્ગંધ'.

અહીં મૂળ મુદ્દો આનંદનો! સુગંધ મળે તો આનંદ, દુર્ગંધ જતી રહે તો આનંદ. સુગંધ પાસે લઈએ, દુર્ગંધથી ભાગી જઈએ. પેલી પતનપરંપરા શરુ થઈ જાય! એટલે કહે છે કે "સુખ દુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડિયાં.." ખં તો ખં છે, ઘડી સાથે ઘટ એટલે કે ટાણું આવશે તે તો આવશે જ; પરંતુ તેની આગળ સુ કે દુઃ લગાડો મા; સુ અને દુઃ વડે બંધાશો નહીં.

આ જગતને 'અલંકાર સૃષ્ટિ'નું ઉદાહરણ આપીને મહેતાજી અન્ય પદમાં સમજાવે છે કે "ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે" એટલે કે સોનાનાં વિવિધ ઘાટ (ઘડાઈ) પ્રમાણે રૂપ અને તે રૂપ પ્રમાણે નામ મળે છે; બુટ્ટી, વીંટી, હાર વગેરે.. તે અલગ અલગ જણાવા છતાં અંતે તો સોનું જ છે ને! તેમાં કોઈને આકારમાં રસ છે, કોઈને સોનામાં રસ છે તો કોઈને માત્ર તેની કિંમતમાં જ રસ છે. આ વિવિધતા છૈ!

તેવી રીતે બ્રહ્મ એ મૂળભૂત તત્ત્વ છે. તેમાંથી આ નામ-રૂપ જગત બન્યું. એ સૃષ્ટિમાં 'આત્મા'નો બ્રહ્મમય થઈને જીવરૂપે આવિર્ભાવ થયો. તે બ્રહ્મ જ દરેકનો, અહંકારરૂપે સ્વ છે. આપણા વ્યવહારો જોઈને ભક્તરાજને શું દેખાય? 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાંસે!' બ્રહ્મ જ બ્રહ્મ સાથે રમે છે!

ખં (અવસર) તો આવશે અને જશે. મહત્ત્વ તેનું નથી, મહત્ત્વ તમારું છે. તમે છો તો બધું છે, તમે રમવા આવ્યા છો તેથી તમે તમારું સ્વરૂપ ન ભૂલો. તમે જ આનંદરૂપ છો. આનંદ બહારથી આવતો જતો નથી. આત્મમાં જ.. પોતાનામાં જ રહેલો છે.

સર્વસ્વ : જે કંઈ સાચવવા જેવું છે તે સ્વ છે. સર્વ સ્વમાં સમાયેલું છે. 'સ્વ'ની ઓળખ વિના બીજું શું ઓળખાય? કંઈ નહીં, બધું ભળતું જ દેખાય. સ્વ ગયો તો સર્વસ્વ ગયું. તેથી મહેતાજી કહે છે, "જ્યાં લગી આતમા-તત્ત્વ ચિન્હ્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી."

ખંમાં સ્વ ખોવાઈ જાય તે ન ચાલે. પ્રત્યેક ખંથી સ્વને આનંદ મળવો જોઈએ અથવા દરેક ખં.. પરિસ્થિતિ એ સ્વને ઓળખવાની તક છે એમ લાગવું જોઈએ. વિશ્વમાં બધું શોધવામાં મારો 'હું' જ ખોવાયો! ઘણું યાદ રાખવામાં હું 'સ્વ'ને જ ભુલી ગયો!!

એક રાજકુમાર, રમવાનો આનંદ લેવા, મહેલમાંથી બહાર આવ્યો. મિત્રો સાથે દડો રમવા લાગ્યો. રમતાં રમતાં 'રમત'ને બદલે 'દડો' આનંદ થયો. રમતનો આનંદ ખોવાયો, દડાનો 'આનંદ' થયો. દડા માટે લડ્યો, મારામારી કરી, ખૂંચવી લીધો.

રાજમાતાએ અટારીમાંથી જોયું. ઉપર મહેલમાં બોલાવ્યો, સમજાવ્યો. તું કોણ? રાજાનો દિકરો! જાણે છે તું કેટલા દડાઓ દાન કરી શકે! કુમારને જ્ઞાન થયું. 'હું તો રમતનો આનંદ લેવા ગયો હતો, દડાનું મારે શું?'

'ખં' દડો છે, સ્વ રમવા આવ્યો. રાજમહેલરૂપ મૂળસ્થિતિમાં આનંદ હતો પણ 'અદ્વૈત' હતો. 'દ્વૈત'નો આનંદ લેવા બહાર આવ્યો, સૃષ્ટિમાં આવ્યો. તેમાં સારા દડાનું સુખ, નરસાનું દુઃખ. પછી પરંપરા શરૂ થઈ અને મૂળ આનંદ ભૂલાયો, જગતમાં ફસાયો.

રાજમાતા ગીતાજી સ્વરૂપજ્ઞાન કરાવે, જો એની પાસે જાવ તો!!

શ્રી ભગવદ્‌ગીતા, બ્રહ્મવિદ્યા છે. सा विद्या या विमुक्तये। એ વિદ્યા જે મુક્ત કરાવે.. માયાથી, પ્રકૃતિથી, અવિદ્યાથી, ફેરાથી, બંધનથી.. મુક્તિનાં આનંદનું વર્ણન થાય કે!

શ્રી ગીતાજીનો પ્રાગટ્ય દિન, માર્ગશીર્ષ સુદ ૧૧ 'મોક્ષદા એકાદશી'ના નામથી ઓળખાય છે. કોઈપણ, મનુષ્યમાત્રના મોક્ષ માટે જ જેનું આગમન છે તે શ્રી ગીતાજીનો પ્રત્યેક શબ્દ સ્વયંયોગ છે, જે અંદર લઈ જઈને અંતર્યામી સાથે મિલન કરાવે છે. 'સ્વ'ને 'સ્વામી' બનાવે છે. પૂર્ણાનંદ!!

દુઃખમાં દેખાય રામ, તારા છે ગુણગાન
સુખમાં સુજે કામ, મારા દામદમામ

'સ્વાર્થ' શબ્દથી પણ આ વિચાર સમજવા જેવો છે. આમ તો સ્વાર્થી શબ્દનો રૂઢ અર્થ 'ગરજ મતલબી.. Selfish' થાય છે. 'બીજાનાં ભોગે મેળવવું' એવી અહંકેન્દ્રિતતા એ સ્વાર્થ ગણાય છે; પણ આ સમજણને હાલ બાજુપર મૂકીને 'સ્વાર્થ' શબ્દનાં મૂળમાં જઈએ.

अर्थ શબ્દનાં ત્રણ બોધ લેવાય છે; ૧. તાત્પર્ય.. meaning, ૨. મેળવવું.. to earn અને ૩. વિત્તતંત્ર.. economy. અહીં સ્વાર્થ શબ્દમાં 'મેળવવું, પ્રાપ્ત કરવું' આ સંદર્ભ છે. જેમ વિદ્યાર્થ.. વિદ્યા મેળવવી, તેમ સ્વાર્થ એટલે સ્વનો અર્થ કરવો, સ્વ સાધવો.. મેળવવો. પોતાનો જ આત્માનંદ પાછો મેળવવો; એવો મૂળ અર્થ.. બોધ થયો. પરંતુ...

જીવને મેળવવું છે શું ને શોધે છે શું! દુઃખે છે પેટ ને કૂટે છે માથું. એ માટે ક્યાંથી ક્યાં આવ્યો! સ્વ કેટલી પગથી નીચે આવ્યો તે જોવાનું છે.

**પહેલી પગથી**, સ્વાનંદની મૂળસ્થિતિથી નીચે આવ્યો અને આનંદને શોધવાની પ્રવૃત્તિ શરૂ કરી. **બીજી પગથી**, સુખ દુઃખમાં અટવાયો; સુખને જ આનંદ માનીને સુખોની પાછળ દોડવા લાગ્યો (સાથે દુઃખોથી ભાગવા લાગ્યો). **ત્રીજે ઉતર્યો**, સુખનાં ઉપકરણ સમાન વસ્તુઓ/વ્યક્તિઓ ભેગાં કરવામાં લાગ્યો, 'મારાં' કરવામાં લાગ્યો.

કારણ, સુખ વસ્તુ કે વ્યક્તિમાં નથી, સુખ તેની માલિકીમાં, મારાપણામાં છે. દા.ત. ગાડી જોતાં જ આનંદ થાય છે? જેમ નાના બાળકને થાય છે! ના, આપણને 'મારી ગાડીમાં' સુખ થાય છે અને એ પછી આનંદનો સ્પર્શ થાય છે. માલિકી થાય તો સુખ થાય. પડોશીની ગાડીથી કોને આનંદ થાય છે? જેને થાય તે મહાસુખી!

**ચોથી પગથી**, તે ઉપકરણો શાનાથી મળે? રત્નો, સુવર્ણ કે ધનથી! તો તે મેળવવામાં લાગ્યો; અને **પાંચમે ઉતર્યો** દુષ્કર્મોમાં. સંપત્તિ જેટલી વધારે તેટલું સુખ સૌથી વધારે એમ માની, શક્યતઃ જે થાય તે કરો, આપણું કરી લો! અને છેલ્લે **છઠ્ઠીએ** પેલી પતનપરંપરાના પ્રમાદમાં જઈને પડ્યો!

સ્વનું અધઃપતન તે આ. કહેવાતું સ્વાર્થી જીવન આને કહેવાય છે, "જવા દો! સ્વાર્થી છે, પોતાનું જ દેખે છે." એટલે જ્યાં પરાર્થ (બીજાનો) વિચાર નથી અને પરમાર્થનું ભાન નથી. આ નિમ્નકક્ષાનો લૌકિક સ્વાર્થ!

સ્વને કરવો હતો અર્થ, થયો અનર્થ. આવા સ્વાર્થપૂર્વક સુખ મેળવવામાં સુખ ઓછું અને દુઃખ વધારે મળે, હતા ત્યાં ને ત્યાં, આનંદવિહોણા! ખં (પરિસ્થિતિ) મેળવવા દોડવું તે થયો લૌકિક સ્વાર્થ. પરંતુ શં (કલ્યાણ) માટે જોડાવું તે થયો અલૌકિક સ્વાર્થ, તે હવે જોઇએ.

સ્વ આનંદરૂપ હતો અને છે. આનંદ જતો–આવતો નથી, છે જ. માત્ર તેનું વિસ્મરણ થયું છે; એ ઘટનાનું ચિત્રાંકન જુદી જુદી રીતે થાય છે જેમ કે (૧) અધઃપતન થયું; સ્વ પરંપરામાં નીચે ઉતર્યો. (૨) સ્વ રૂપ ભૂલ્યો; આનંદી હતો તે પોતાને સુખી–દુઃખી માનવા લાગ્યો. (૩) માયાધીન થયો, માયાજાળમાં ફસાયો, અવિદ્યામાં બંધાયો... વગેરે...

જે થયું તે આ બધીય સમસ્યાઓનો એક જ ઉપાય 'પુરુષાર્થ!' હવે ઉપર ચઢવા માટે, કે સાચા સ્વરૂપના જ્ઞાન માટે, કે બંધનમાંથી છૂટવા માટે પ્રયત્ન કરવો પડે. પ્રયત્ન કરવો જ પડે, છૂટકો નથી અને તેથી આવા પ્રયત્નને માટે પુરુષાર્થ શબ્દનો પ્રયોગ થાય છે! 'પુરુષાર્થ કરવો' એટલે 'પ્રયત્ન કરવો' એટલું ધ્યાનમાં તો આવે છે; પણ ખરું જોતાં પુરુષાર્થ શબ્દનો વિશેષ અર્થ છે; એ 'અલૌકિક સ્વાર્થ'નો પર્યાય છે.

પુરુષાર્થ એટલે 'પુરુષનો અર્થ.. પુરુષે જે મેળવવાનું છે તે'. વળી પુરુષ એટલે પૂરાયેલો જીવ. પૂરોતિ દેહે પુરુષઃ। પૂરાયેલા જીવને શું મેળવવાનું હોય? મુક્તિ! બંધાયેલાને શું જોઇએ? છૂટકારો! માટે મુક્તિમાં આનંદ છે. જીવ (પુરુષ) જે આનંદ લેવા માટે બંધાયો તે પોતાના સ્વને જ ભૂલ્યો. 'મુક્તિ' એટલે ફરી પ્રયત્ન વડે તે સ્વને મેળવી લેવો. સ્વ મેળવવો એ જ પુરુષાર્થ. સર્વ–સ્વ જાણ. સ્વને માન, આ જ સ્વમાન! સ્વ ને સાધવો, એ જ સાચો સ્વાર્થ! (મુક્તિ મૃત્યુ પછી જ મળે એમ નહીં! 'જીવનમુક્ત' એક અવસ્થા છે, જે મહાપુરુષોએ પ્રાપ્ત કરી છે.)

વાસ્તવિક સ્વાર્થ, સુખ મેળવવામાં નથી, સ્વાનંદ મેળવવામાં છે, અર્થાત્ સ્વને મેળવવામાં છે. તેને કહેવાય ઊચ્ચકક્ષાનો અલૌકિક સ્વાર્થ. સ્વ+અર્થ = સ્વની પ્રાપ્તિ, આત્મની પ્રાપ્તિ, એ જ આનંદની પ્રાપ્તિ.

જે સ્વ ખસેડીને ક્યાંક બીજે મૂકી દેવાયો હતો, તે ફરી મેળવી લેવાય તો આનંદ જ આનંદ! પછી કોઈ પણ ખં.. પરિસ્થિતિ હોય તો શું થયું, સુખમાંય આનંદ ને દુઃખમાંય આનંદ! દુઃખમાં આનંદ માનવાવાળા મહાન છે. સુખની અપેક્ષા નથી, દુઃખની ફરીયાદ નથી. તેઓ હમેશાં આનંદમગ્ન, આત્મસ્થ હોય છે. પોતાની મૂળ સમૃદ્ધિ આનંદ મળી ગયા પછી, દુન્યવી સ્વાર્થ કેવો? નિમ્નકોટીનો સ્વાર્થ આપોઆપ છૂટી જાય. હવે તેના હાથે જે થાય તે પરાર્થ, નિષ્કામ અને આનંદદાયક. આવું જીવન ઈશ્વરને ગમે, તે જ પરમાર્થ છે. જીવન પ્રભુને ગમી જાય તેની તો દોડધામ છે!

આવા ઉચ્ચતમ સ્વાર્થ માટે વિચારકો, ચિંતકો કમર કસે છે; પણ ઋષિ હળવેથી તેને આપણા જીવનમાં ગોઠવી દે છે. 'સ્વનો અધ્યાય કર, અંતરે ઊંચે ચઢ!' એનું નામ સ્વાધ્યાય.

યત્નથી પ્રયત્ન ભલો, સૌથી ભલો સ્વયત્ન!
છયે સોપાન ચઢી લે તે છગન થાય રત્ન!!

વાસ્તવમાં! સુખ-સગવડ, ધન-સંપત્તિ કે ભોગ-ઐશ્વર્યો જોઈએ છે તો શું કરવું? એના માટે ધર્મપૂર્ણ જીવન જીવવું પડે! શાસ્ત્રીય રીતે કર્મો કરવાં પડે!! શ્રી વેદવ્યાસજી ભારત-સાવિત્રીમાં કહે છે,

ऊर्ध्वबाहुर्विरौम्येषः न च कश्चिच्छृणोति मे।
धर्मात् अर्थश्च कामश्च तत् धर्मं किं न सेव्यते?

'હું ઊંચા હાથ કરીને, બૂમો પાડીને કહું છું, સાંભળો! ધર્મથી જ અર્થ (ધન) ને કામ (ભોગ) મળે છે; એ ધર્મનું પાલન કેમ નથી કરતા?'

વેદાંત કહે છે, જીવન તો ધર્મ-કર્મની જ રમત છે. એનું શાસ્ત્રીય અનુસરણ કામનાપૂર્તિ કરે જ! એમાં તો ભગવાન પણ વચ્ચે ન આવે. ઈશ્વરને માનો કે ન માનો, ધર્મથી સુખ જ સુખ હોય અને ધર્મ વિરુદ્ધ કર્મો કર્યાં હોય તો ગમે તેટલા દેવ પૂજોને! દુઃખ પીછો છોડે જ નહીં!

આપણી આ પૃથ્વીને શું કહેવાય છે! ભૂલોક. ભૂ-લોક. ભૂ એટલે પૃથ્વી; પણ એનો બીજો અર્થ જાણો છો ? ભૂલો-ક. 'ક'નો વિસ્તાર 'કરવું' થાય અને આ લોકનો નિયમ જ છે કે..

ભૂલ થઈ! તો ભોગવો!! ભૂલા પડ્યા! તો ભોગવો!!
ભૂલી ગયા! તોય ભોગવો!! એમ હોય ત્યાં આ તો
ભૂલો કરી! તો તો ભોગવો જ ભોગવો!! કારણ આ ભૂલો-ક છે.

કોઈ અન્ય લોકમાં ભૂલો કરીને ભૂલોકમાં ભોગવવા આવ્યા, એમાં જાણે પાછો અમરપટ્ટો લખાવીને આવ્યા હોય એમ જીવવા લાગ્યા. ભૂલોકમાં આવીને ભૂલો કરવાની હોય! એ ભોગવવા ફરીને ફરી આવાગમન ચાલુ જ રહે! એ ભોગવ્યા સિવાય, કોઈ સંત-સાધુ, ઋષિ કે ભગવાનની વાતો નહિ સમજાય; સત્સંગ કે સ્વાધ્યાયમાં રુચિ ન થાય. અધ્યાત્મ ન ગમે, ભક્તિ ભયથી થાય. કારણ! પાપો ભોગવવાનાં બાકી છે! બધેથી અશાંતિ જ મળે. કહે છે કે પુણ્યોદયે જ પ્રભુપંથ જડે!

ભોગવવું હોય તો ખોટા સ્વાર્થી બનવું અને ભવેભવ ફર્યા કરવું અને ભવમાંથી નીકળવું હોય તો સાચા સ્વાર્થી.. ખરા પુરુષાર્થી બનવું. કવિભક્ત કહે જ છે ને! ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે...

બીજી રીતે જોઈએ! તો કહે છે, સુખ દુઃખ મનમાં ન આણીએ.. પણ આ મનને કંઈક આણવાની, સુ કે દુઃ લગાડવાની ટેવ જ પડી છે તેનું શું? જેવી છે તેવી પરિસ્થિતિ સ્વીકારીને તટસ્થ રહેવું હવે શક્ય નથી; ગમા-અણગમા આવી જાય છે. મન ડહોળાય, ચંચળ.. અસ્થિર થાય છે, બુદ્ધિને ભમાવે છે; પરિણામે ક્લેશ, ચિંતા અને અશાંતિ જ મળે છે. ભટકતું મન સૌ પ્રથમ તો શાંતિ ઝંખે છે. જીવ એટલો ત્રસ્ત છે કે તે આનંદમય હતો કે હોઈ શકે એ કલ્પના પણ તેને હાસ્યાસ્પદ લાગે છે.

શાંતિ મળે, જો જીવ દૃષ્ટિ બદલે તો! જીવવાનો મુખ્ય આધાર દૃષ્ટિ છે. "જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ" એ ન્યાયે તો, સુખ અને દુઃખ માત્ર દૃષ્ટિભ્રમ સાબિત થાય છે. કોઈપણ પરિસ્થિતિ એકને સુખરૂપ લાગે છે, એ જ બીજાને દુઃખરૂપ લાગે છે! હમેંશા 'બીજાની થાળીમાં લાડવો મોટો' દેખાય! લગભગ દરેક પોતાને દુઃખી અને બીજાને સુખી સમજે છે. ક્યારેક આપણે સુખ સમજીને માંગીએ એ જ દુઃખનું કારણ બની જાય. સાચે જ સુખ કે દુઃખ ઓળખવા કઠણ છે અને તેથી સુખ-દુઃખની સમસ્યા જટીલ લાગે છે.તેમાંય સુ કે દુઃ વિના, તટસ્થ રીતે માત્ર ખં જોવું અશક્ય થાય છે.

मुरारेस्तृतीय पन्था। પ્રભુ જ્ઞાનીભક્તો દ્વારા તેનો ઉકેલ બતાવે છે. વિધાયક દૃષ્ટિકોણ.. Positive Outlook આપે છે, 'ભક્તની નજરે જો!'

ભક્તને લાગે છે કે "પરિસ્થિતિ ઈશ્વરે નિર્માણ કરી છે અને તે મારા હિત માટે છે" અથવા "અલગ અલગ પરિસ્થિતિમાં મને ભગવાન જ રાખે છે અને એમાં જ મારું કલ્યાણ છે." પરિસ્થિતિ કોઈપણ કારણથી હોય, તેમાં આવો દૃષ્ટિકોણ ભક્તનો છે. કોઈ પણ ખં આગળ સુ કે દુઃ ન લગાડતાં, ભક્ત શં લગાડે છે. શં એટલે કલ્યાણ. આપણે હજુ ભક્ત થયા નથી, તેનાં રસ્તે છીએ તેથી તેની રીત અપનાવવી પડે!

न सुखं नैव च दुःखं शंखं पश्य तु सर्वदा।
प्रसादमाप्नोषि नित्यं भक्तितत्त्वेन मोक्षदा॥

ભાવઃ સુ-ખ નહિ કે દુઃ-ખ નહિ પણ સદા શં-ખ જૂઓ. કારણ કે મોક્ષ અપાવનારા ભક્તિ-તત્ત્વથી, (શં.. કલ્યાણમય સુ-દર્શન થતાં જ), નિત્યની પ્રસન્નતા અર્થાત શાંતિ મેળવાશે.

શંખં એટલે કલ્યાણમયી પરિસ્થિતિ. સંજોગોને સુ કે દુઃ લગાડીને ન નિહાળતાં, મારા માટે કલ્યાણકારી જ છે એમ, શં લગાડીને દેખો! શં-ખં.

ભગવાન યોગેશ્વરે 'સુ-દર્શન' અને 'શં-ખ' ધારણ કર્યાં છે, તે સૂચક છે. સ્વાધ્યાયે દૃષ્ટિ બદલી તો, સૃષ્ટિ ગઈ બદલાઈ! શં-દૃષ્ટિ ધરી તો શાંતિ જ શાંતિ છવાઈ!

પરિસ્થિતિ તો આપણા કર્મોએ જ રચી છે પણ, આ ભક્તિશાસ્ત્રે આપેલો વિધાયક દૃષ્ટિકોણ છે કે 'હું ભગવાનને શરણે છું અને મારા કલ્યાણ માટે ભગવાને આ (કોઈપણ) ખં.. અવકાશ આપ્યો છે.'

સૌને શાંતિ તો જોઈએ છે પણ શાસ્ત્રીય પદ્ધતિ નથી અપનાવવી! એને માટે ગીતાજીને શરણે જવું પડે. ગીતા-પઠનથી એની વાતો નહિ સમજાય, વળી આપણે ભાષાંતર વાંચીએ! એમાં ઘણું અંતર પડે! મહાપુરુષો પાસે જવું પડે, એમની સરળ સમજૂતિઓ નિયમિત વાંચવી-સાંભળવી પડે; કલ્યાણ કરવું હોય તો સમય કાઢવો પડે! મનુષ્ય જીવનમાં એ જ ખરો સમયનો સદુપયોગ.

શાંતિ શાંતિ કહેતાં  વધી જશે અશાંતિ!
શં કરી ધ્યાન ધરતાં મળી જશે પ્રશાંતિ!

શં ભુ જે સ્વયં કલ્યાણરૂપ છે અને शं करोति इति शंकरः। ઈશ્વર, અકારણ સૌનું કલ્યાણ કરે છે તેથી તેમને શં-કર કહે છે. હવે સમજાય છે કે સુખ માગવામાં નથી, ઈશ્વરનું માનવામાં છે. એ પછી જીવનની પ્રત્યેક પરિસ્થિતિ શં-ખં છે, કલ્યાણકર છે.

હે પ્રભો! તમે शान्ताकारं છો અને તેજસ્વી છો! नमः शान्ताय तेजसे।

शान्त શબ્દ સંસ્કૃતમાં જ સમજવો જોઈએ. शम् उपशमे (૪.પ) શમન થવું. જે જ્યાંથી નિકળ્યું છે ત્યાં સમાવી દેવું, સંસ્થિત કરવું; તેને શમન કહેવાય. शम् નું ભુતકૃદંત (past participal) शान्त થાય. જે શમી ગયું છે, તદ્રુપ થઈ ગયું છે તેને શાંત કહેવાય. વૈદિક પ્રાર્થના છે કે,

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखमाप्नुयात्॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

સૌ સુખી થાય, કોઈ દુઃખી ન રહે એવું શક્ય છે? તો ઋષિ કહે છે ॐ (હા). ક્યારે, કેવી રીતે? તો ભારપૂર્વક કહે કે "શાંતિ, શાંતિ અને શાંતિથી જ".

માછલી, પાણીની બહાર કેવી તરફડે? એને પાણીમાં જ શાતા વળે. જ્યાં હતી ત્યાં, પાણીમાં લઈ જવી પડે. તેમ જીવ તેનાં મૂળ સ્વરૂપમાં જાય તો શાંતિ મળે, એ જ તેનું સાચું કલ્યાણ.

શ્રીભગવાનનાં ઉપદેશથી અર્જુનને શાંતિ થઈ. તેથી તેમને અંતે કહ્યું, स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव। અર્થાત્ (ફરી હું મારા નિયુક્ત ધર્મમાં) સ્થિત થયો છું, સર્વ સંદેહો શમી ગયાં છે. પ્રભો! તમારું જ માનીશ. તે વિષાદીને પ્રસાદી મળી ગઈ, ખીન્નતા આનંદમાં સમાઈ ગઈ.

પ્રકાશનો ઉદય થતાં, અંધારું ક્યાં જાય છે? તે શમી જાય છે. જેમ વિદ્યાનો ઉદય થતાં અવિદ્યા શમી જાય છે. તે જ રીતે જ્ઞાનથી અજ્ઞાન.

આપણે કોણ? अमृतस्य पुत्राः॥ જીવને જ્ઞાન થાય તો મૂળ સ્વરૂપ આનંદમાં સ્થિતિ થાય. मृत्योर्मा अमृतं गमय॥

આપણે મરેલાઓ માટે પ્રાર્થના કરીએ છીએ "પ્રભુ એમના આત્માને શાંતિ આપે". પરંતુ આપણું શું? આ જીવતાં જીવને, આધિ વ્યાધિ અને ઉપાધિઓથી ઘેરાયેલાંને, શાંતિ ક્યાં છે? આપણી શાંતિનું શું?

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ। આ શાંતિપાઠ છે. ત્રણ અશાંતિ થઈ છે; દેહ–મનને વ્યાધિ (રોગો), બુદ્ધિ–અહંને આધિ (નબળાઈ) અને જીવને ઉપાધિ (સુખી–દુઃખીની પદવી) લાગી છે. તે ત્રણેયની શાંતિ માટે ત્રણ પાઠ કર્યાં છે. આને માટે સૌનાં મંતવ્યો ભિન્ન છે, હોઈ શકે, જેવી દૃષ્ટિ!

**પહેલી આધિભૌતિક શાંતિ :** બાહ્યકરણો (શરીર અને ઇંદ્રિયો)ની શાંતિ. મન અને ઇન્દ્રિયોની શાંતિ, અંતઃકરણ (શુદ્ધબુદ્ધિ)નું માનવામાં છે; વિષયોમાં ભટકવાને બદલે અંતઃકરણમાં સ્થિત થવામાં છે.

**બીજી આધિદૈવિક શાંતિ :** ચિત્ત (અંતઃકરણ)ની શાંતિ એકાગ્ર થવામાં છે. બુદ્ધિ–અહં દૈવીશક્તિઓ મેળવી શકે છે અને તેમનું નિર્મળ.. પરિશુદ્ધ થવું અને નિષ્કામ થવું તે જ બ્રહ્મમાં સ્થિત થવાપણું છે.

**ત્રીજી આધ્યાત્મિક શાંતિ :** જીવની શાંતિ તેનાં 'સ્વ'ને ઓળખવામાં છે, સ્વને મેળવવામાં છે. આનંદ, જે સ્વ–ધર્મ હતો તે બદલ્યો; શિવરૂપ હતો તે જીવરૂપ થયો. ફરીથી સચ્ચિદાનંદરૂપ થવું, અમૃત સ્વરૂપ થવું એ જ એની કલ્યાણકર સ્થિતિ છે.

શ્રીભગવદ્ ગીતા, જીવનમાં આ શાંતિ સ્થાપે છે. વ્યક્તિજીવન, સામાજિક જીવન અને વૈશ્વિકજીવન સ્વસ્થ અને આનંદિત કરે છે. અર્જુનને આદર્શ રાખીને, જગદ્ગુરુ યોગેશ્વર શ્રીકૃષ્ણને શરણે જવું જોઈએ; તો ગીતાજી તેમનું હૃદય આપણી સમક્ષ ખોલશે જ.

ન થા સુખી દુઃખી, યોગી થા
ગા મા ગીતો રોતાં, ગીતા ગા

શ્રીકૃષ્ણને અર્જુન આત્યંતિક પ્રિય છે. કેમ ન હોય? અર્જુને પોતાનાં સુખ-દુઃખ જોયાં નથી. પ્રભુએ ચીંધેલું પ્રત્યેક કાર્ય એમણે આનંદપૂર્વક કર્યું છે. કદાચ, શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ હોવાનું જ્ઞાન તેમને ન હશે તો પણ, એક દિવ્ય અવતારી પુરુષ તરીકે હમેંશા માન્યા છે; તેમનો પડતો બોલ ઝીલ્યો છે. પ્રભુ આવા ભક્તનાં સારથી બને!

અર્જુન એટલે ઋજુ.. સરળ.. નિષ્કપટ.. નિષ્કામ.. ભોળો. બુદ્ધિશાળી, શક્તિસંપન્ન અને વિદ્યાવાન થઈને 'ભોળા' રહેવું લગભગ અશક્ય છે, જે અર્જુન થયો છે. અર્જુનનું જીવન જોઈને લાગે છે કે, જે 'અર્જુન' થાય છે તે ઈશ્વરને ગમે છે. તેનાં વ્યવહાર ઈશ્વરને આનંદ આપે છે. પ્રભુ તેની સામે પ્રત્યક્ષ થવા તલસે છે, એમનું હૃદય ખોલવા આતુર થાય છે.

શિવજીને 'ભોળાનાથ' કહ્યાં છે. થ નો વિસ્તાર – <u>થ</u>નાર. એટલે કે '<u>ભોળાના</u> <u>થ</u>નાર' અને '<u>ભોળા</u> <u>ના</u> <u>થ</u>નાર'. અર્થાત્ જીવ ભોળો તો જગદીશ તેની આગળ-પાછળ; જીવ શઠ કે વાંકો તો પ્રભુય ક્યાં ભોળવાય તેવા છે? એમને બન્ને વ્યવહાર તો શું! બધાય વ્યવહાર આવડે છે.

ભગવાન કોને જ્ઞાન આપે? ભક્તને! અને ક્યા આપે? બંધ બારણે કોઈ ઓરડામાં બેસીને નહીં! શ્રીકૃષ્ણે 'યુદ્ધભૂમિ'માં ભક્ત અર્જુનને જ્ઞાન આપ્યું. કારણ, જીવન નામે સંઘર્ષ! તેમાં જ જ્ઞાન મળે. આપણે યુદ્ધભૂમિની રમત બનાવી ચતુરંગ! (શતરંજ, ચેસ). જ્યારે શ્રીકૃષ્ણે તો યુદ્ધને જ રમત ઠરાવી! અને યુદ્ધભૂમિમાં જ આ સર્વોત્તમ જ્ઞાન પીરસ્યું.

મહાપુરુષો, અર્જુનને આપણાં પ્રતિનિધિ ગણે છે. કારણ આપણી ચંચળતા અર્જુનમાં પ્રતીત થાય છે; ક્યારેક ગર્વથી ઉન્નત તો ક્યારેક કારૂણ્યપૂર્ણ. અર્જુન, આપણા જેવા ચંચળ ખરા પણ આપણે અર્જુન જેવા ભોળા-ભક્ત ખરા કે? તો અંતઃકરણ બદલાય. એ પીગળેલું હૃદય જોઈને ઈશ્વરને આનંદ થાય છે; પાસે લે છે. યુદ્ધપૂર્વેના પ્રસંગો જ જુઓને!!

અર્જુન માટે યુદ્ધની પરિસ્થિતિ એકાએક થયેલી ન હતી. પાંડવો, શ્રીકૃષ્ણની સલાહથી અને કુંતામાતાની આજ્ઞાથી યુદ્ધમાં ઊતર્યાં છે. સ્વજનો સામે "યુદ્ધ એ જ કલ્યાણ" એવો બરાબર વિચાર કરીને, ક્ષત્રિયનાં કર્તવ્યધર્મથી ઊભા છે. અત્રે અર્જુન શાંત છે, દૃઢ.. મક્કમ છે.

સૈન્ય ગોઠવાયા પછી, યુધિષ્ઠિર અર્જુનની પાસે જઈને કહે છે, "અર્જુન! હજુ વિચારી જો, સામે ભીષ્મ છે (કોઈની તાકાત છે સામનો કરે!) દ્રોણ છે (આપણા ગુરુ!), તેઓ સંખ્યામાં પણ વધારે અને સંપન્ન છે. જીતી શકાશે કે?" ત્યારે અર્જુન કહે છે, "મોટાભાઈ! પૂર્વે દેવો અને દાનવોમાં યુદ્ધ થયું હતું; દેવો અલ્પ અને દાનવો સમૃદ્ધ હોવા છતાં તેમાં દેવોનો વિજય થયો હતો કારણ, તેઓ નિષ્કામ અને ઈશ્વરવાદી હતાં. વળી દેવરાજ ઇંદ્રે મને કહ્યું છે કે જ્યાં સુધી આ (કેશવ) તમારી સાથે છે ને, ત્યાં સુધી તો તમને કંઈજ નહીં થાય; એટલે મોટાભાઈ! તમે નિશ્ચિંત થાવ." યુધિષ્ઠિર માની ગયા અને સ્વસ્થાને જતા રહ્યા.

ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ અર્જુન મોટાભાઈ યુધિષ્ઠિરને પણ સલાહ આપી રહ્યા છે. જે કાળમાં મોટાભાઈનું કહ્યું માનવું જ પડે, એ જે કહે-કરે એ જ સાચું! મોટાભાઈને કંઈ ન કહેવાય, તે કાળની આ વાત છે.

કદાચ, સહિષ્ણુ સ્વભાવવાળા યુધિષ્ઠિર, ડગી ન જાય તેથી બંધ બેસતું ઉદાહરણ આપે છે, કે સ્વજન (આદિત્યો ને દૈત્યો સગા ભાઈઓ) હોવા છતાં, દેવોએ દાનવો સાથે યુદ્ધ કર્યું; સંસ્કૃતિ કાજે પરાસ્ત કર્યાં.

એ પછી તો યુધિષ્ઠિરની સાથે બધા ભાઈઓ, વિવાદ કે વિરોધ કર્યા વિના, સામે પક્ષે જાય છે અને બધા વડીલોનાં આશીર્વાદ લઈ આવે છે. અહીં સુધી અર્જુન સ્વસ્થ, મક્કમ અને શાંત છે.

મહાભારત દ્વારા શ્રીવેદવ્યાસે પ્રત્યેકને માર્ગદર્શન કર્યું છે. સામાન્ય માનવથી માંડીને તેના નેતા સુધી દરેકને કંઈક કહ્યું છે. અર્જુન-પ્રતિનિધિ દ્વારા એનું દર્શન કરાવે છે.

માનસશાસ્ત્રીય રીતે, જે સલાહ આપે છે તેને ગર્વ થાય છે. તે ગુરુતાગ્રંથી વડે બંધાય છે, વળી તેમાંય કોઈ મોટી વ્યક્તિ કહ્યું માને ત્યારે તો 'આપણે એટલે આપણે' થઈ જાય, તેવર બદલાઈ જાય! અર્જુને સલાહ આપી, કોને? 'મોટાભાઈ'ને! વધુમાં જ્યેષ્ઠ યુધિષ્ઠિરે શિરોમાન્ય કરી. અર્જુનને શું ગર્વ થયો હશે? એ અભિમાનનાં નશામાં ભૂલી જવાયું કે અત્યારે મારા રથપર જે સારથી છે તે સામાન્ય નથી. યુદ્ધારંભે ધનુષ ઉપાડતાં પાર્થે આદેશ કર્યો, रथं स्थापय मे। શ્રીકૃષ્ણને થયું હશે, વાહ! બહુ મોટો થઈ ગયો! રથી (માલિક)ની ભાષા વાપરે છે!!

પ્રભુ સાથે બરાબર આવો વ્યવહાર આપણો પણ છે જ! પ્રમાદના નશામાં આપણને પોતાને એ દેખાતો નથી, અને વળી, દેખવાનો સમય પણ ક્યાં છે? જે જીવન ચલાવે છે તેનો વિચાર તો બાજુ પર, અહંકારથી કહીએ કે, 'મને બધી ખબર છે, મને કહેનાર તમે કોણ? હું કરું તે જ સાચું. જીવન કેમ ચલાવવું તે અમને ખબર છે.' આમ ભાવીની ભાળ નથી છતાં ભગવાન પર ભાવ નથી. અક્કલની ટમટમ મળી તો કહે છે 'ભગવદ્વિચાર'ની અમને જરૂર નથી! પછી શું થાય? કામની સન્મુખે, રામથી વિમુખે, જીવન ગુમાવે!

આપણને એક સામાન્ય સત્તા (ખુરશી) કે મામુલી સંપત્તિ મળી જાય તો પણ આચાર-વિચાર બદલાઈ જાય છે. વિદ્યાનો મદ તો સૌથી વધુ ચડે, "અમને પૂછીને બધા પાણી પીએ!" અભિમાન કેવું ચડે? તો કહે છે, "કોણ મહાપુરુષ! કેવો ઋષિ! વ્યક્તિપૂજા ચાલે છે, ગુરુવાદ પોષાય છે" શું શું બકવાસ થાય! આપણે જાતે જ The Great બની જઈએ પછી, ઈશ્વરે મોકલેલા મહાપુરુષ કે વ્યક્ત થયેલા ઈશ્વર ક્યાંથી ઓળખાય?

અર્જુન ગર્વિષ્ઠ થયા છે, પોતાને ઓળખે છે પણ સાથે કોણ છે! એ વિસરી ગયા છે. શ્રીકૃષ્ણ માત્ર એનું અવલોકન કરતા રહ્યા છે.

હવે, જ્યાં પૂછવું જોઈએ કે "આરંભ ક્યાંથી, કેવી રીતે કરીએ" ત્યાં કહેવાય છે "હું જોઈ લઉં". જ્યાં 'આદેશ આપો'ની ભાષા ન હોય, સલાહ લેવાની સમજણ ન હોય, ત્યાં 'આદેશ આપવાની' ભાષા શરુ થાય! તે

અર્જુને કર્યું; કહ્યું : "મારો રથ બેય સેનાની વચ્ચે સ્થાપો, મારી સામે થવાવાળાને હું જોઈ લઉં!"

શ્રીકૃષ્ણે શાંતિથી તેમનો રથ, બેય સેનાની વચ્ચે, બરાબર ભીષ્મ અને દ્રોણની સામે જ ઊભો રાખ્યો અને માત્ર આટલું જ બોલ્યા, "પાર્થ! સમાવિત થયેલાં આ કૌરવો જો." (એટલે કે પાંડવો અને ધાર્તરાષ્ટ્રો જો.)

ભગવાનનાં કે મહાપુરુષનાં બોલવામાં વિભક્તને અસર નહિ, ભક્તને અસર થાય છે; અંતઃકરણ બદલાય છે. શ્રીકૃષ્ણનાં મુખે "આ કૌરવો જો" સાંભળતાં જ દૃષ્ટિકોણ બદલાઈ ગયો. દૃષ્ટિ બદલાતાં આખી પરિસ્થિતિ જ બદલાઈ ગઈ! હવે ભાષા બદલાઈ ગઈ! દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ! જે યોદ્ધાઓ લાગતાંહતાં તેઓ જ 'સ્વજન' થઈ ગયાં!!

હમણાં થોડી વાર પહેલાં યુધિષ્ઠિરના કહેવાથી ધ્યાનમાં ન આવ્યું? સામે પક્ષે વડિલોનાં આશીર્વાદ લેવા ગયા ત્યારે ન દેખાયું કે સ્વજનો છે! પૂજનીયો છે! એકાએક સ્વજન થઈ ગયાં? આ ભગવાનની લીલા કે ચમત્કાર નથી; આ 'ભક્ત અંતઃકરણ'નો પ્રતાપ છે. પરમ શ્રદ્ધેયની વાણીની અસર થાય છે. ઐશ્વરીય વાણીનો સ્પર્શ થતાં જ, અંતઃકરણમાં પ્રેમ ઉભરી આવ્યો; આંખોમાં ઝળહળીયાં અને શરીરમાં રોમાંચ થયો. જે ભોળો છે.. ભક્ત અંતઃકરણનો છે, તેને આ શક્ય છે.

ગર્વિષ્ઠ અને ઉત્તેજીત થયેલા અર્જુન કારુણ્યપૂર્ણ અને દિગ્મૂઢ થઈ ગયા. અંતઃકરણમાં ઉદ્‌ભવેલી તે અશાંતિને ઇતિહાસકાર વિષાદ કહે છે. વિષાદ નામે અપ્રસન્નતા.. ખિન્નતા.. અજ્ઞાનાવસ્થા.

સુખ શાના માટે ? સુખમાં થાય વિકાસ
દુઃખ સારા માટે ! દુઃખમાં થાય વિચાર

જે 'યોદ્ધા' દેખાતા હતા તે 'સ્વજન' દેખાવા લાગ્યા. દૃષ્ટિફેરથી અર્જુન વિષાદગ્રસ્ત થયા. તે મોહ અને શોકથી વ્યાકુળ બન્યા. હવે યુદ્ધ તેમને દુર્યુદ્ધ દેખાવા લાગ્યું. 'સુ – દુઃ'માં ઉતરી આવ્યા. 'જોઈએ – ન જોઈએ' કરવા લાગ્યા.

જે મનમાં સુ કે દુઃ આવી જાય તે શં ક્યાંથી જોઈ શકે ? તેથી પહેલું જ કહ્યું, न श्रेयः अनुपश्यामि.. હું કલ્યાણ દેખતો નથી. પછી કહે છે, न कांक्षे (નથી જોઈતાં) विजयं न च राज्यं सुखानि.. વિજય અને રાજ્યનાં સુખો પણ અર્જુનને દુઃખરૂપ લાગે છે, તેથી કહે છે 'ન જોઈએ'. येषामर्थे कांक्षितं (જે સ્વજનોને માટે જોઈએ) તે ક્યાં રહેવાના છે? તેથી स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव। હે કૃષ્ણ! સ્વજનોને હણીને અમે સુખી કેમ થઈશું ?

અર્જુન, હવે ક્રમ બતાવે છે. સુકૃત–દુષ્કૃત એટલે પુણ્ય અને પાપ. ધર્મ–કર્મ ન જાણવાથી અધર્મ (દુષ્કર્મો) આપોઆપ થાય છે. તે પાપનાં પરિણામે (ફળરૂપ) દુઃખ કે યાતનાઓ (નરક) થાય છે. કહે છે, अहो बत महत्पापं.. यत् राज्यसुख लोभेन.. ઓહ! અમને રાજ્ય–સુખનો લોભ થયો તે, આ સ્વજનોને હણવારૂપ, મહાપાપ કરવા અમે તૈયાર થયાં!

આમ, દુઃખ જ દુઃખ દેખાડીને અંતે કહે છે કે યુદ્ધ કરું એના કરતાં તેમના હાથે મરી જાઉં એમાં श्रेयतरं भवेत्.. 'મારું વધુ કલ્યાણ' થાય.

અર્જુન પરાર્થી છે. સ્વાર્થી પોતાનાં સુખ–દુઃખ દેખે, પરાર્થી બીજાનાં; પણ સુખ–દુઃખની ઘટમાળમાં શંખં દેખાય નહિ. નિષ્કામ હોવા છતાં પોતાને સ્વાર્થી સમજવા લાગ્યા. વૈશ્વિક શ્રેય વિચારવાવાળા 'મારું શ્રેય' કરીને બેસી ગયા. નિર્ણય જાહેર કર્યો, "યુદ્ધ(કર્મ) નહીં જ કરું".

અર્જુન શાંત હતા, અશાંત થયા. શ્રીકૃષ્ણને તો જાણે કે એ શાંતિ રુચતી ન હતી! ભક્તને આવો અશાંત જોઈને મલકાયા! प्रहसन इव! કારણ,

ભક્તને શાશ્વત શાંતિ મળવી જોઈએ.. પ્રશાંતિ મળવી જોઈએ. તેને શંખની અનુભૂતિ થવી જોઈએ. એવું જ્ઞાન પીરસી શકે એવી પરિસ્થિતિ હવે નિર્માણ થઈ છે.

અત્રે 'જ્યોતિસર' ભૂમિ પર વૈશ્વિક પરમજ્યોત પ્રજ્વલિત થાય છે.

અહીં શ્રીભગવાનનાં શબ્દપ્રયોગ માર્મિક છે. કહે છે, ક્યાં ગઈ પરંપરા! अनार्यजुष्टम् अस्वर्ग्यम् अकीर्तिकरम् આ માર્ગ! જે આર્યોનો નથી, દેવોને મળતો નથી, જે માત્ર તારું શૌર્ય, તારી કીર્તિ હણે છે એ માર્ગ!!

હમણાં તો કેટલા ગર્વથી કહેતો હતો, "મારો રથ સ્થાપ!" (ડ્રાઇવર! ગાડી કાઢ!) અને "હું જોઈ લઉં! મારી સામે કોણ થયું છે? (કોણ મરવા આવ્યું છે?)" હવે! આમ એકાએક નમાલી ભાષા કેમ? ઊઠ ઊભો થા, તને આ ન શોભે. क्लैब्यं मा स्म गमः।

અર્જુનને ભૂલ સમજાય છે. તે પૂર્ણભાવે શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારે છે અને એક અપૂર્વ સંબંધે બંધાય છે.

..शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्॥ શિષ્ય છું લો શરણ તમારે.. આ શ્લોક એટલે ગીતાગૃહનો ઉંબરો. એના પૂજન વિના અંદર ન જવાય.

શ્રીગીતા = શિષ્યનું હૃદય + હૃદયનો ગુરુ = સર્વ રહસ્ય.

આ સૃષ્ટિમાં ગુરુ-શિષ્યનો સંબંધ અલૌકિક છે. કહેવાય છે કે દેવો અને દાનવો પણ ઋષિને ગુરુ તરીકે સ્વીકારવા પરલોકથી ઉતરી આવે છે. અર્જુન, શ્રીકૃષ્ણના સખા હતા, સગા હતા, આત્મીય હતા છતાં શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ થયા નહિ. આજે જ્યારે શિષ્ય બનીને આવે છે ત્યારે તે પૂર્ણેશ્વર શ્રીકૃષ્ણ, માત્ર અર્જુનના ગુરુ નહિ પણ વિશ્વગુરુની ભૂમિકામાં આવી જાય છે. બ્રહ્માંડનું સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ તેજ, ઐશ્વર્ય અને પૂર્ણ પ્રેમ અહીં પ્રગટ થાય છે. ગુરુઓના ગુરુએ પરમ શિષ્યને, સાક્ષાત ભગવાને મહાન ભક્તને, અભુતપૂર્વ માર્ગદર્શન આપ્યું છે. ન ભુતો ન ભવિષ્યતિ. જે કોઈપણ.. માનવમાત્ર, શ્રીકૃષ્ણને ઓળખશે, અપનાવશે, સમજો તેનો બેડો પાર!

આખા મહાભારતમાં શ્રીવેદવ્યાસે શ્રીકૃષ્ણ ઉવાચ લખ્યું છે. માત્ર ગીતાજીના સંવાદોમાં જ શ્રીભગવાન્ ઉવાચ લખ્યું છે. કારણ, પૂર્ણાવતારે એમનું સ્વરૂપ પૂર્ણરૂપે પ્રગટ કર્યું છે; એ વેદવ્યાસના ધ્યાનમાં છે.

અર્જુનને નિમિત્ત બનાવી, યુગો યુગો સુધીનું માર્ગદર્શન શ્રીભગવાને કરી દીધું. વિશ્વના કોઈપણ માનવને, તેના વિકાસ પ્રમાણે, એની શક્તિ અને સમજણ પ્રમાણેનું, જીવનપથનું ભાથું બાંધી આપ્યું છે. એ છે શ્રીગીતા.

ઉપનિષદ્ એટલે ગુરુ–શિષ્યનો સંવાદ. હવે આ જ્યોતિસરની પવિત્ર ભૂમિમાં, ભગવદ્ગીતામાં.. ઉપનિષદમાં, બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રનો આરંભ થાય છે. ભાગ્યશાળી છે તેઓ જેમને આ જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા કરી અને મહાભાગ્યશાળી તો એ લોકો છે, જેમણે આ જ્ઞાન પ્રાપ્ત કરીને માનવ જીવન સાર્થક કર્યું.

શ્રીભગવદ્ગીતા..

આનંદની અનુભૂતિ માટે,
જીવનમુક્ત સ્થિતિ માટે,
શાશ્વત શાંતિ માટે..

માર્ગદર્શન છે;

જગદ્ગુરુનું શિષ્યને,
પરમેશ્વરનું જીવને,
પૂર્ણાવતારનું માનવમાત્રને.

શ્રીભગવદ્ગીતા, સૃષ્ટિનાં મૂળભૂત સિદ્ધાંતો અને તત્ત્વોનો નિર્દેશ કરે છે. 'આત્મા અમર છે અને દેહ અનિત્ય છે' એ સૌથી અગત્યનો સિદ્ધાંત પ્રથમ કહ્યો ને ત્યાર પછી તરત આ સુખ-દુ:ખનું તત્ત્વ સમજાવ્યું.

ગીતાની શબ્દસૃષ્ટિમાં 'સુસુખ, આત્યંતિક સુખ, એકાન્તિક સુખ' વગેરે સૌ આનંદનાં પારિભાષિક શબ્દો છે. વળી 'સર્વદુ:ખોનો અંત', 'દુ:ખોની અત્યંત નિવૃત્તિ' વગેરે વર્ણનો આનંદમય સ્થિતિ દર્શાવે છે અને શ્રીભગવાન તેના માટે 'મારું ધામ' કે 'અવ્યયપદ' પણ કહે છે. તે (આનંદમય) સ્થિતિ પ્રાપ્ત કરીને ફરી આવવાનું રહેતું નથી. यद्गत्वा न निवर्तन्ते.. એ નીજધામ છે, સ્વ-સ્થાન છે.

'સ્થિતપ્રજ્ઞ' અને 'બ્રહ્મનિર્વાણ' ગીતાનાં મૌલિક શબ્દો છે. જેનું જેમાંથી નિર્માણ થયું હોય, તેનું તેનામાં વિલીન થઈ જવું - શમી જવું; તેને નિર્વાણ કહેવાય. બ્રહ્મરૂપ થવું તે બ્રહ્મનિર્વાણ. ભગવાન શ્રીશંકરાચાર્યે કહ્યું, "ब्रह्म सत्यं जगन्मिथ्या" જીવની આ જ્ઞાનપૂર્ણ સ્થિતિ જ બ્રહ્મનિર્વાણ છે. આ અનુભૂતિને પ્રાપ્ત એવા મહાપુરુષને ગીતા 'સ્થિતપ્રજ્ઞ' કહે છે. બુદ્ધિ જે વૃત્તિઓમાં ફરતી હતી તે, અહીં પ્રજ્ઞા બનીને, તેનાં ઉદ્ભવ સ્થાન એટલે કે બ્રહ્મમાં સ્થિત થાય છે. અહંનુ સ્ફૂરણ બ્રહ્મમાં શમી જાય છે; તેથી કહે છે शान्तिमाप्नोति.. 'शं'ની પુનઃપ્રાપ્ત અવસ્થા તે બ્રહ્મનિર્વાણ.

સ્થિતપ્રજ્ઞ, આપણી સાથે રહેતો અને આપણા જેવો લાગતો, હસતો ને રમતો.. બહારથી ઓળખી ન શકાય તેવો મહામાનવ છે. તેનાં અંતરંગમાં ડોકિયું કરીએ તો ખ્યાલ આવે; તે કેટલો પ્રસન્ન, આનંદિત અને પ્રશાંત છે. प्रकृष्टेन शांत इति प्रशांतः। શાંતિમાં ક્યારેક અશાંતિ થઈ શકે છે, પ્રશાંતિમાં ક્યારેય અશાંતિ ન થાય.

શ્રીગીતા, આપણને તે પૂર્ણશાંતિ તરફ હળવેકથી લઈ જાય છે; અંતર્મુખ કરીને જીવનનું અંતિમ ધ્યેય પરિપૂર્ણ કરે છે.

શ્રીગીતા અનુક્રમે, પ્રથમ સુખ–દુઃખમાંથી પૂર્વંગો કાઢે છે. શુષ્ક ખંમાં વિધાયક રીતે શં લાવીને, એ શંખં માંથી જગતનું મૂળ તત્ત્વ ખં કાઢી લે છે. હવે બાકી શું રહે?

॥ ॐ शांतिः॥

સુખ–દુઃખ માટે શ્રીભગવાન સૌ પ્રથમ સમજાવે છે કે

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः।
आगमापायिनोऽनित्यास् तांस्तितिक्षस्व भारत॥ २.१४
यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते॥ २.१५

ભાવ : વિષયોના સંસર્ગ ઠંડી–ગરમી, સુખ–દુઃખ આપે છે. જે આવે ને જાય તે અનિત્ય છે, તેને સહન કર. સુખ–દુઃખમાં જે વ્યથા નથી પામતો તે ધીર પુરુષ અમૃત મેળવવાને સમર્થ છે. ૧૪–૧૫

અમૃતતત્ત્વ, જે મરતું (મટતું) નથી તે આનંદરૂપ બ્રહ્મતત્ત્વ; ધીર પુરુષ પુનઃપ્રાપ્ત કરી લે છે. ધીર, જે સહનશીલ અને સમજુ છે. તિતિક્ષાવાન, આઘાતો ખમી લે તેવો પુરુષ જ 'બ્રાહ્મી સ્થિતિ' મેળવી શકે છે.

આવો પુરુષ સુખમાં કે દુઃખમાં વ્યથીત થતો નથી. દુઃખમાં વ્યથા થાય તે સમજાય પણ સુખમાં વ્યથા! હા, સુખ માટે તો બમણી વ્યથા. દુઃખની વ્યથા પ્રસંગોપાત થાય જ્યારે સુખ મેળવવાનું દુઃખ, સુખ સાચવવાનું દુઃખ, સુખ ગયા પછી દુઃખ.. એટલે કે વ્યથા જ વ્યથા.

'સમદુઃખસુખ' સુખ–દુઃખ સમાન સમજવા સહેલા નથી એટલે તેની વ્યથા કાઢવા સમજાવ્યું કે 'તે आगमापायिनः અને अनित्याः છે'. આવ્યાં છે તે હમણાં ચાલ્યાં જશે. તે કાયમી નથી, હંગામી છે. એનાથી આશા બંધાય, ધીરજ રહે; આ આશ્વાસન છે. જેઓ સમજી ગયા છે, અનુભવમાં આવી ગયું છે કે બધું ક્ષણિક છે તેમને જ્ઞાન માટે કહ્યું કે मात्रास्पर्शाः तु कौन्तेय शीतोष्ण–सुखदुःखदाः।

'માત્રાસ્પર્શાઃ' એટલે વિષયો. વિષયો સુખદુઃખ આપવાવાળા છે. ઠંડી કે ગરમીની જેમ અનુકૂળતા અને પ્રતિકૂળતા આપવાવાળા છે. પ્રસંગોપાત છે, તેથી તેને સહન કર્યે છૂટકો. સૂર્યનો તાપ ઉનાળામાં પ્રતિકૂળ લાગે. એ જ તાપ શિયાળામાં કેટલો પ્રિય લાગે! તેવું જ સુખ-દુઃખનું વિષયો સાથે સમજવું.

'માત્રાસ્પર્શાઃ'નો એક વિશેષ અર્થ છે. ઠંડી-ગરમીની જેમ સુખ-દુઃખ અનુભૂતિ આપે છે. જેમ શરીર ઠંડી-ગરમીનો અનુભવ કરે છે તેમ જીવ સુખ કે દુઃખનો અનુભવ કરે છે. તે અનુભવમાં માત્રા (પ્રમાણ)નો અને સ્પર્શ (સંસર્ગ)નો તફાવત રહેલો છે; અત્રે એ જાણવું અગત્યનું છે.

પણ, માત્રાક્રમ સમજતાં પહેલાં આપણને મળેલું શરીર – ક્ષેત્ર સમજી લેવું જોઈએ. ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું જ્ઞાન શ્રીભગવાને સંક્ષેપમાં સમજાવ્યું છે.

महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः॥ १३.५
इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतना धृतिः।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥ १३.६

ભાવઃ પાંચ મહાભૂત, અહંકાર, બુદ્ધિ અને મૂળ પ્રકૃતિ પણ; વળી દસ ઇંદ્રિયો, એક મન અને પાંચ તેમના વિષયો સાથે ઇચ્છા-દ્વેષ, સુખ-દુઃખ, સંઘાત, ચેતના ને ધૃતિ. વિકાર સહિતનું ક્ષેત્ર સંક્ષેપમાં કહ્યું. ૫-૬

પંચમહાભૂતો – ભૂમિ, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ – આ ક્ષર પ્રકૃતિથી સૃષ્ટિ બની. તેની ઉપર જીવ, અક્ષર પુરુષ છે. તેને કૂટસ્થ (પ્રકૃતિમાં રહેલો) કહે છે. તેને અંતઃકરણ (મન, બુદ્ધિ અને અહંકાર) અને બાહ્યકરણ (પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો) ધારણ કર્યાં છે. સર્વ કરણોને જોડતો દેહ સંઘાત કહેવાય છે અને તેની ધારક શક્તિઓ ચેતના અને ધૃતિ છે. તેમાં ઇચ્છા-દ્વેષ અને સુખ-દુઃખનાં વિકાર થાય છે.

સામાન્ય રીતે સુખની ઇચ્છા થાય અને દુઃખનો દ્વેષ (તીરસ્કાર) થાય છતાં બન્ને દ્વન્દ્વો અલગ દર્શાવ્યાં છે કારણ દુઃખની પણ ઇચ્છા હોઈ શકે!

'દુઃખની ઇચ્છા' કરનારા મહાપુરુષો પણ છે! કુંતામાતા જેવા ભક્તો ભગવાનને કહે કે "હે પ્રભુ! સુખમાં તારાથી દૂર થવાતું હોય તો તે સુખ ન જોઈએ, દુઃખ આપ જેથી તારી સમીપ રહી શકીએ."

સુખ–દુઃખ કોણ કેવી રીતે ભોગવે છે તે આગળ કહે છે.

कार्यकरणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते।
पुरुषः सुखदुःखानां भोक्तृत्त्वे हेतुरुच्यते॥ १३.२०
पुरुषः प्रकृतिस्थो हि भुंक्ते प्रकृतिजान्गुणान्।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु॥ १३.२१

ભાવઃ કાર્ય (પંચમહાભૂત અને પંચવિષય) અને કરણ (દસ ઇંદ્રિયો, મન, બુદ્ધિ અને અહંકાર)ને ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ કારણ.. હેતુ છે. તેમ સુખ–દુઃખ ભોગવવાનો હેતુ જીવાત્મા (પુરુષ) કહેવાય છે. ૨૦

પ્રકૃતિમાં રહીને પુરુષ જ પ્રકૃતિજન્ય ત્રિગુણોને ભોગવે છે. ગુણોનો સંગ આ જીવાત્માની સારી–નરસી યોનીમાં જન્મનું કારણ છે. ૨૧

'ગુણ પ્રધાનતા','ઇચ્છાશક્તિ' અને 'કર્મન્યાય' પ્રમાણે જીવ ગતિ એટલે કે જન્મો મેળવે છે અને ફરી સુખ–દુઃખ ભોગવે છે. જીવ 'ભોગવે' છે તેથી ઘટમાળ ચાલુ રહે છે. ભોગવવાપણું નીકળે તો જન્મ–મૃત્યુ જેવાં દ્વન્દ્વ છૂટે. આ ભોગ–વુત્તિ કાઢવી કઈ રીતે?

ભોગ સામે યોગ.

ખં તો રહેશે જ. જે ભોગવાય છે તે 'સુ' અને 'દુઃ' નીકળી જાય તો યોગ થાય. તે માટે વિધાયક રીતે 'શં' લાવવો જોઈએ. સૌ પ્રથમ, સુ કે દુઃને ઓળખીને વ્યવસ્થિત ગોઠવવાં જોઈએ, કારણ તેમની અનુભૂતિ અંતઃકરણ અને બાહ્યકરણોને એક સરખી થતી નથી.

હવે જોઈએ તો, પુરુષ જે ભોગવે છે તે સુખ અને દુઃખની માત્રા પ્રકૃતિએ 'કરણો' પ્રમાણે ગોઠવી છે. તે પ્રાકૃતક્રમ ઉલટાવી શકાય તો યોગ માર્ગમાં આગળ વધી શકાય, મુક્ત થવાય.


मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः। २.१४

ઠંડી-ગરમી ઉદાહરણ પૂરતાં છે, સુખ-દુઃખની વાત સમજવાની છે. ખંનો માત્ર સંસર્ગ થતાં જ પુરુષ તેની આગળ સુ કે દુઃ લગાડીને અનુભવ કરે છે અને તે પ્રમાણે આગળનું કર્મ કરે છે. એ કર્મ જ પાછું તેનાં સુખ-દુઃખનું કારણ બને છે!

સુખ-દુઃખનાં માત્રા-સ્પર્શને સમજવાનાં છે. માત્રા એટલે ઓછા-વત્તાનું પ્રમાણ અને સ્પર્શ એટલે સુ કે દુઃનો સંગ, જીવને થતો અનુભવ. જેમકે ઠંડી કે ગરમીનું પ્રમાણ અને તેનાં અનુભવ, તેમ સુખ-દુઃખની આ માત્રાઓ, જેટલી જલ્દી સમજાશે અને ગોઠવાશે, અધ્યાત્મ માર્ગે એટલો ત્વરીત વિકાસ થશે.

દૃષ્ટિનાં ખેલ! માનો તો સુખ
બુદ્ધિનાં ભેદ! જાણો તો દુઃખ

જીવ પાસે ચાર કરણો છે. અહં, બુદ્ધિ, મન ને શરીર. તેમનાં દ્વારા જ પુરુષ સુખ-દુઃખનો અનુભવ કરે છે. તેનો પ્રાકૃત માત્રાક્રમ આવો છે.




અહં અને બુદ્ધિને સુખનો અનુભવ વધુ છે, દુઃખનો અનુભવ ન્યૂનતમ થાય છે. જ્યારે દેહ અને મનને દુઃખનો અનુભવ વધુ થાય, સુખ હમેશાં ઓછું જ દેખાય છે. કરણોનો આ સ્વભાવ પ્રકૃતિગત છે. જીવ તેને ભોગવે છે અને પ્રત્યાઘાત કરે છે.

પરિસ્થિતિ (ખં)નો આઘાત આ ચારેય કરણોમાં સુ કે દુઃ નિર્માણ કરે છે તે ધ્યાનમાં રાખવાનું છે; તેમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે તે આઘાત પછી પુરુષનો પ્રત્યાઘાત કેવો છે; કારણ તે 'સ્વાભાવિક કર્મ' બનશે. તે કર્મફળ પ્રમાણે ભવિષ્ય બનશે. ફરીથી ઇચ્છા-દ્વેષ બંધાશે અને તે પ્રમાણે ગતિ થશે. અનુક્રમે તે અનુભવો વિચારીએ તો,

૧. **શરીર** : સૌથી છેલ્લા કરણ શરીરને એટલે કે ઇંદ્રિયોને દુઃખનો અનુભવ સૌથી વધારે થાય છે. શરીરને વાગે, ઘાયલ થાય ત્યારે અતિશય દુઃખ થાય, વેદના અસહ્ય હોઈ શકે છે. વ્યાધી (રોગ)માં દેહ દુઃખી થાય તે સ્વાભાવિક છે પરંતુ સારામાં સારી સગવડો આપવા છતાં દેહ તેમાં દુઃખ શોધી દેખાડશે, પરિણામે સુખકારક સાધનો શોધ્યા કરશે.

શરીરને પશુદેહની સરખામણી કરીને સુખ બતાવવું જોઈએ. મનુષ્યદેહ પશુદેહ કરતાં કેટલો સુખી છે? છતાં તે દુઃખોને રડે છે. જીવન પર્યંત આ દેહનાં લાલન-પાલન કરીશું તો પણ તે સુખી થશે નહીં; આ વાસ્તવિકતા.. હકીકત છે. તો 'જે પરિસ્થિતિ છે તે સૌથી સુખમય છે' એમ વિચારીને દેહ પાસે કામ લેવું જોઇએ. દેહને કષ્ટ ન આપો પણ મળેલાં કષ્ટ સહન કરો, એમાં કલ્યાણ છે.

૨. મન : વિષયભોગ મળે તો મનને સુખ થાય. તેનાં વિયોગે ફરીથી દુઃખી થાય. સુખ કરતાં તેનાં દુઃખો વધારે જ હોય છે, કારણ ભોગોની યાદી લાંબી છે. મનને સંતોષથી સુખી કરી શકાય.

આ બન્ને કરણોને સમજણથી સુખી કરવા પડે. દુઃખંનું શંખં કરવું પડે. મળેલી પરિસ્થિતિ ભલે પ્રતિકૂળ લાગે છતાં તેને અપનાવીને આગળ વધવામાં શ્રેય છે, તેમાં જ આપણું ભલું છે એમ મનાવવું જોઈએ.

૩. બુદ્ધિ : બુદ્ધિને દુઃખ કરતાં સુખનો અનુભવ વધારે થાય. 'મારી બુદ્ધિ ચાલે છે' એનું સુખ મોટું છે. બુદ્ધિ વાપરવાનું સુખ થાય છે, ન વપરાવાનું દુઃખ થાય છે? ધર્મક્ષેત્રે કે ભક્તિક્ષેત્રે બુદ્ધિ ન ચાલે તેનું દુઃખ થાય છે? નથી થતું. અર્થક્ષેત્રે ને કામક્ષેત્રે લોકો બૌદ્ધિક સુખ ભોગવે છે, તે બુદ્ધિ મોક્ષ માટે વપરાતી નથી; તેનું દુઃખ પણ નથી અને ક્વચિત દુઃખ થાય તો પણ તે ક્ષણિક હોય છે.

૪. અહંકાર : આ કરણ પાસે દુઃખનો અનુભવ નહિવત અને સુખનો અનુભવ નિત્યનો છે. અહંને માનહાની, પરાજય કે વિયોગનું દુઃખ થાય. જો અહંકાર આ દુઃખ પકડી રાખે તો પ્રતિક્રિયા તીવ્રતમ થાય અને તે કંઈક કરી બતાવે પણ 'સ્મશાન વૈરાગ્ય' જેવાં તેનાં દુઃખ લાંબા ટકતાં જ નથી. તે ગમે તે પરિસ્થિતિમાં સુખી જ હોય છે. સામાન્યતઃ જીવન એક ઢાંચામાં, બીબામાં જકડાયેલું હોય છે. અહં તેમાં જ સંતોષ માને છે, બીજા કોઈપણ પ્રકારનું જીવન એને દુઃખરૂપ લાગે; તેથી અપનાવે જ નહિ.

મહાપુરુષો કહે છે, આ બન્ને કરણોનાં દુઃખો વધારો. આપણું સૌથી મોટું દુઃખ કયું? "ઈશ્વરથી દૂરપણું કે જુદાપણું અથવા તો આપણા સ્વનું અજ્ઞાન" તે દુઃખ પહેલાં ક્રમનું છે છતાં આપણને તેનું લેશમાત્ર દુઃખ નથી. જો તેનું દુઃખ થાય તો પણ આનંદ મળે એવું શ્રીવલ્લભાચાર્ય કહે છે! "ભગવાન શ્રીકૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતિત થવાથી, ભગવાનની પ્રાપ્તિ માટે હૃદયમાં જે તાપ ક્લેશનો આનંદ થવો જોઈએ તે, જેને તીરોધાન થયો છે એવો હું જીવ.." મહાપ્રભુ વલ્લભને 'દુઃખનો આનંદ'

દૂર થયો છે, તેનું દુઃખ છે અને તે મેળવવા સર્વસ્વ છોડવા તૈયાર છે. આત્યંતિક વિરહ થાય, આ દુઃખનો અનુભવ તીવ્રતમ થાય તો ઈશ્વરની પ્રાપ્તિ માટેની આ પ્રક્રિયા શરુ થાય. ત્યારે જીવનમાં એકમેવ "श्रीकृष्णः शरणं मम।" કે "कृष्ण एव गतिर्मम।"નું રટણ રહે.

બુદ્ધાવતાર કહે છે, सर्वं दुःखं सर्वं क्षणिकं એટલે, ખં ક્ષણભંગુર તો છે જ તેને દુઃખરૂપ દેખો. શા માટે જીવને દેહાસક્તિ છે? એમાં કયું સુખ છે? તે છોડો. સર્વ છોડીને નિર્વાણ માટે પ્રયત્ન કરો.

જગતને માત્ર દુઃખરૂપ જોવું એ ક્યાંનું તત્ત્વજ્ઞાન છે?

પૂર્ણાવતાર કહે છે, खं તમને રમાડે તે ન ચાલે. તમે રમવા આવ્યા છો, તમે રમો. खं તો માત્ર રમવાનું સાધન છે, રમકડું છે. રમતની રીત હવે શીખવાડે છે. જેને રમતાં આવડે તે 'સ્થિતપ્રજ્ઞ'.

तुष्यन्ति च रमन्ति च.. તુષ્ટ રહે, રમતા રહે!

પ્રજ્ઞા જાણે, સુખ દુઃખ સંજ્ઞા
સંજ્ઞા જાણી, થાય સ્થિત પ્રજ્ઞા

શ્રી ભગવાન એક એવા પૂર્ણ-માનવનું વર્ણન કરે છે; જે આ સૃષ્ટિમાં શોભતો, ઈશ્વરને ગમતો અને સર્વના આદર્શરૂપ હોય.

प्रजहाति यदा कामान् सर्वान्पार्थ मनोगतान्।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते॥ २.५५
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते॥ २.५६
यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम्।
नाभिनन्दन्ति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता॥ २.५७

ભાવઃ મનોગત (મનમાં ઉગતી) સઘળી કામનાઓ (જોઈએ-ન જોઈએ, સુખ-દુઃખ માટેનાં રાગ-દ્વેષ) ચાલ્યા જતાં મન આત્મામાં (કલ્યાણની-આનંદની સ્થિતિમાં) જ તુષ્ટ રહે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય. ૫૫

દુઃખમાં મન ઉદ્વિગ્ન ન થાય અને સુખોની સ્પૃહા (ઇચ્છા) ન કરે, જેનો (સુખો માટેનો) રાગ, (સુખ જતું રહેશે એવો) ભય, અને (ન મળ્યાનો) ક્રોધ, ચાલ્યા ગયાં છે તે, સ્થિતબુદ્ધિનો મુનિ કહેવાય છે. ૫૬

શુભ-અશુભ પરિસ્થિતિ(ખં) આવી મળે તેમાં (સુ-ખ ગણીને) ગાંડો ન થાય અને (દુઃ-ખ ગણીને) દ્વેષ ન કરે અર્થાત તટસ્થ, સમાન રહે તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત થઈ કહેવાય. ૫૭

આમ બુદ્ધિમાં દ્વન્દ્વ ઊભા ન થાય તો સ્વ(આત્મા)માં સ્થિત થવાય. એનાથી ચિત્ત-વૃત્તિઓ થશે નહીં પરિણામે સમાધિ અવસ્થા આવી મળશે.

અજ્ઞાની ચકલી! અરીસા પર ચાંચ માર્યા કરે, અરીસાની ચકલી મળે ક્યાંથી? ચહેરો અરીસામાં નથી, ચહેરો આપણો છે જેને આપણી આંખો અરીસામાં દેખે છે. તે રીતે, આનંદ વિષયમાં નથી, આનંદ આપણો (આત્મનો) છે જેને મન વિષયોમાં દેખે છે. મન અજ્ઞાનવશ માની લે છે કે વિષયમાં આનંદ છે. 'મૃગ-કસ્તુરી ન્યાયે' જીવ વિષયવનમાં ફરે છે અને પેલી ચકલીની જેમ જ્યાં-ત્યાં ચાંચ માર્યા કરે છે.

જેમ જેમ સમજણ મળતી જાય કે આનંદ બહાર નથી, મારી અંદર મારો પોતાનો છે, તેમ તેમ તે જીવ સ્થિર થાય, વિચારતો થાય, અંતર્મુખી થાય. જીવનને માટે, આત્મપ્રશ્ન કે બ્રહ્મજિજ્ઞાસા જાગે. વળી અધ્યાત્મને માટે સાધારણ રસ હશેને તો પણ મહાપુરુષો પાસે જવાનું મન થશે.

એક કાળે એવી વૃત્તિ હતી કે સુખ મળે તો ઘેલો થઈ જતો, દુઃખ આવે તો કકળાટ કરી મુકતો. તે વૃત્તિનાં કંપનો ધીરે ધીરે ઓછાં થાય અને છેવટે તે જીવના સુ અને દુઃ નીકળી જાય; વિષયરૂપ ખંનો મોહ શમી જાય.

હવે બુદ્ધિ, પ્રજ્ઞારૂપે આત્મ(જ્ઞાન)માં સ્થિત રહે. મન આજ્ઞાંકિત એટલે કહ્યું માનતું થાય. જે ઇંદ્રિયોના કહેવાથી વિષયો પાછળ ભટકતું હતું તે મન બુદ્ધિના નિર્દેશથી સંયમિત થાય તે વાત, કાચબાના દૃષ્ટાંતથી સમજાવી છે.

કાચબો, જ્યારે જરૂર પડે ત્યારે ઇંદ્રિયો બહાર કાઢે અથવા સંકેલી લે છે. તેમ તેની પ્રજ્ઞા, મનને અને ઇંદ્રિયોને ચલાવે. આવા જીવને શાંતિ મળે. તે ક્યાંય પણ હોય, કેવો પણ હોય, શાંત અને સ્વસ્થ રહી શકે છે.

આનાથી વિપરીત પરિસ્થિતિ કહે છે કે જીવને અશાંતિ કેમ થાય છે?

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन्।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति॥ २.६४
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते॥ २.६५
नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम्॥ २.६६

ભાવઃ ઇંદ્રિયો વિષયોમાં ફરે છે. તે વિષયોનાં ભોગ અને ત્યાગ માટે મનમાં વ્યવસ્થિત રીતે રાગ અને દ્વેષ રહેલાં છે. એટલે કે મન '(સુ) જોઈએ, (દુઃ) ન જોઈએ' વડે બંધાયેલું રહે છે. પરંતુ જો મન આત્માને વશ હોય તો તે આજ્ઞાંકિત મન, પ્રસાદ (પ્રસન્નતા) મેળવે છે. ૬૪

પ્રસન્નતા વડે 'સર્વ દુઃખોની હાનિ' થાય એટલે કે મૂળ આનંદની, મૂળ સ્થિતિની પ્રાપ્તિ થાય છે. તે પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ તરત જ (અનાયાસ)

સ્થિત થાય છે. પણ જે યુક્ત (યોગી) નથી તેને બુદ્ધિ (સ્થિતપ્રજ્ઞા) નથી. વળી અયોગીને ભાવના (શ્રદ્ધાપૂર્ણ દૃઢ ભાવ) નથી. તેવા ભાવહીન મનુષ્યને શાંતિ (કલ્યાણમયી સ્થિતિ) નથી તો અશાંતને સુખ ક્યાંથી હોય? અર્થાત્ કંઈ જ અનુકૂળ લાગતું નથી, બધે દુઃખ, પ્રતિકૂળતા જ લાગે છે. ૬૫–૬૬

શારીરિક આનંદ, એની ઉપર માનસિક આનંદ, પછી બૌધિક આનંદ એની ઉપર ભાવનિક આનંદ અને સૌથી ઉપર આત્મિક આનંદની શ્રેણીનો અભ્યાસ હશે કે જાણકારી પણ હશે તો આ શ્લોકો વધુ સમજી શકાશે.

પાંચમા અધ્યાયમાં તેનું પુનરાવર્તન કર્યું છે,

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम्।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षयमश्नुते॥ ५.२१
ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः॥ ५.२२
शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात्।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः॥ ५.२३

ભાવ : (આ ત્રણેય શ્લોકમાં સુખ શબ્દને આનંદનો પર્યાય ગણ્યો છે.) બાહ્યવિષયોથી અનાસક્ત (અંતર્મુખ થયેલા) પુરુષ, અંતરમાં જે પરમ આનંદ મેળવે છે તે જ 'અક્ષયસુખ' બ્રહ્મયોગી (સત્ય–ઈશ્વરમાં જોડાયેલા) મેળવે છે. તે વિષયજન્ય ભોગો જ સર્વ દુઃખોનું કારણ છે. હે અર્જુન! તે આદિ અને અંતવાળા (અનિત્ય) છે. સમજુ પુરુષ તેમાં રમતો (રહેતો) નથી. શરીર છૂટે તે પહેલાં જે મનુષ્ય કામ અને ક્રોધનાં વેગને રોકે છે તે મુક્ત છે અને તે જ સુખી (આનંદી) છે. ૨૧–૨૩

न तेषु रमते बुधः। બુદ્ધિશાળી તે(વિષયો)માં ન રમે! બ્રહ્મવાક્ય છે!!

ખં ને ખં રહેવા દો, સુ કે દુઃ ન લગાડો આ પહેલો રસ્તો છે. સુખ કે દુઃખમાં સ્થિર રહેવું અઘરું લાગે તો, કરણ પ્રમાણે માત્રા વ્યવસ્થિત કરવી

આ બુદ્ધિપૂર્વકનો સહેલો રસ્તો છે; શરીર–મનને સુખ બતાવો, અહં અને બુદ્ધિને દુઃખ દેખાડો. ટૂંકમાં સમતા લાવો. समत्वं योग उच्यते।

આ યોગથી શાંતિ મળશે તે પરિણામ પાંચમાં અધ્યાયનાં અંતે કહ્યું છે, शांतिम् ऋच्छति.. શાંતિ મેળવે છે અને છઠ્ઠા અધ્યાયથી શ્રીભગવાન શં પ્રકરણનો આરંભ કરે છે.

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते॥ ६.३

ભાવ : યોગમાં આરુરૂક્ષ (યત્નશીલ સાધક) મનનશીલ છે; તેનું કારણ 'કર્મ' છે. જ્યારે યોગારૂઢ (સિદ્ધ) થયેલા તે જ પુરુષનું કારણ 'શમ' છે. ૬.૩

આરુરૂક્ષ એટલે 'ઉપર ચઢવાનો પ્રયત્ન કરતો' એટલે કે યોગી થવાના માર્ગે રહેલો પુરુષ. યોગ જ્યારે સિદ્ધ થાય, વ્યક્તિ યોગી થાય ત્યારે તે 'યોગમાં આરૂઢ (સવાર) થયેલો' યોગારૂઢ કહેવાય છે.

નીચે ઉતર્યા છે તો ઉપર જવાવું જોઈએ તેને ઉદ્ધરણ કહેવાય. વર્તુળ દોરવા માટે ઉપરથી આરંભ થાય તો બીંદુ નીચે આવે. તેને અવતરણ થયું કહેવાય; જ્યારે ઉદ્ધરણ કરાય એટલે કે બીંદુ ફરીથી, બીજે રસ્તે, ઉપર લઈ જવાય ત્યારે વર્તુળ 'પૂર્ણ' થાય. જે ભોગમાર્ગે આત્માનું અવતરણ થયું તેનાથી બીજે, યોગમાર્ગે જાતે જ ઉદ્ધરણ કરતા સાધક–યોગીને ગીતા આરુરૂક્ષ કહે છે અને જ્યાંથી નીકળ્યા હતા ત્યાં ભળી જવું (મળી જવું) તેને યોગારૂઢ કહે છે. તે પૂર્ણ છે, સિદ્ધ–યોગી છે.

પાંચમાં અધ્યાયમાં આ એક સૈદ્ધાંતિક વાત પણ સમજાવી છે કે उद्धरेत् आत्मना आत्मानम्। ભોગ માટે તું ઉતર્યો હતો, હવે યોગ માટે તું જ ચઢ.

"તારો ઉદ્ધારક તું જ."

હવે, જ્યાં સુધી સિદ્ધિ મળે નહિ, યોગારૂઢ થવાય નહિ ત્યાં સુધીની ભૂમિકા પ્રયત્નશીલ સાધકની અને મનનશીલ વિચારકની રહે છે. આ સ્થિતિનું કારણ શું? કયા કારણથી આ વિકાસકાર્ય છે? ગીતા કહે છે, તે

કર્મક્ષેત્ર છે. અહીં કર્મ એટલે કર્મયોગ. કર્મ=હેતુ+ક્રિયા+ફળ. તેમાંથી હેતુ અને ક્રિયા પકડીને ફળ છોડી દેવું (ત્યાગ કરવો), તેને કર્મયોગ કહેવાય. અહીંથી સંન્યાસનો આરંભ ગણી શકાય. સાધક અવસ્થામાં 'કર્મ' કરવાં અત્યાવશ્યક છે; એ મહાપુરુષનાં કહેવાથી કરો, પ્રભુ ઉપર પ્રીતિ રાખીને કરો કે સ્વયં પ્રેરણાથી કરો, પણ કરવાં તો પડશે જ. એ નિષ્કામ કર્મો જ જ્ઞાનમાં પરિણમશે.

જ્ઞાન થતાં જ, કર્મક્ષેત્રમાં હું નથીનું ભાન થાય. ત્યારે તે કર્મોનાં સંકલ્પો (હેતુ) પણ છૂટી જાય તેને સંન્યાસ થયો ગણાય. સંન્યાસ એટલે સમ્યક્ ન્યાસ, સર્વસ્વ છોડવું, બરાબર છૂટવાપણું. આ 'નિષ્કર્મણ' સિદ્ધિ છે અને તેની પરિભાષા યોગારૂઢ છે. તે સિદ્ધિ–કાર્યનું કારણ શુ ? તે કારણને શમ કહે છે. સર્વસંકલ્પોનું શમી જવું, મૂળસ્થિતિમાં રહી જવાપણું, શંરૂપ થવું તે શમનું ક્ષેત્ર છે. ત્યાં માત્ર આનંદ છે. યોગારૂઢ સંન્યાસીઓની પાછળ તેથી આનંદ શબ્દ લાગે છે; દયાનંદ.. વિવેકાનંદ.. બ્રહ્માનંદ..

પુરુષે વર્તુળ પૂર્ણ કર્યું. બ્રહ્મથી નીકળ્યો હતો તે બ્રહ્મને આવી મળ્યો. ब्रह्मनिर्वाणम्। .. पूर्णम् एव अवशिष्यते। .. ॐ शांतिः शांतिः शांतिः।

શમન થયું તેને શમ કહ્યું અને શં સ્થિતિ થઈ ગઈ, તેને શાંતિ કહે છે. વાસ્તવિક, આ આનંદપૂર્ણ શાંતિ અને જેને આપણે ઓળખીએ છીએ તે વ્યાવહારિક શાંતિ (ઘોંઘાટ રહિતતા, નીરવતા)માં ઘણો ફરક છે. તે હવે જોઈએ.

## कोऽहं પાર કરાય તો પમાય પ્રમા सोऽहं

શાંતિની અવસ્થા આંતર્બાહ્ય અભિપ્રેત છે.

જીવનમાં શાંતિ રાખવી અને શાંતિ હોવી બન્ને ભીન્ન વાતો છે. જેમ નાનું બાળક શાંત હોય પણ રમકડું જોતાં જ અશાંત થાય, તે મેળવવા તોફાન કરે. બાળક ડાહ્યું હોય તો સમજીને શાંત રહે. તેને વિશ્વાસ છે કે યોગ્ય લાગશે તો મને મળશે, મને આપશે જ. તે શાણું બાળક સૌને ગમે છે કારણ તે તોફાની નથી, શાંતિ રાખે છે.

વાસ્તવમાં એ બાળકે શાંતિ રાખી છે; તેની શાંતિ બહારની છે, એ અંદરથી શાંત નથી કારણ, તેને રમકડાંનો મોહ તો છે જ. 'રમકડાંની મને જરૂર જ નથી' આવી મનઃસ્થિતિ થઈ નથી. અંદરથી લાગે છે કે 'મળે તો સારું, તેમાં આનંદ છે.' આમ તેની આંતરિક અશાંતિ તો છે જ! અને अशांतस्य कुतः सुखम्? બાળક તો ઉદાહરણ માટે છે, ખરૂં તો આપણા માટેની વાત છે. મોટાઓ માટે વિષય રમકડાં! શાંત રહેવાય છે?

બાહ્યશાંતિ, ડહાપણથી હોય તેમ અજ્ઞાનથી પણ હોઈ શકે. જેમ એકાદ નાના ગામડામાં નવા ઉપકરણ વિશે કોઈએ સાંભળ્યું ન હોય ત્યાં સુધી શાંતિ રહે પણ જેમ જાણવા મળે કે 'આવું કોર્ડલેસ જેવું કંઈક છે!' તો તરત બધા અશાંત થવા માંડે કે ક્યારે જોવા મળશે? કેવુંય હશે? વગેરે..

કર્મયોગી બહારથી શાંત છે. ફળ છોડ્યાં, કહ્યું કરે છે, પ્રયત્ન ચાલુ છે પરંતુ, 'परं दृष्ट्वा निवर्तते'ની સ્થિતિ થઈ નથી. તેની શાંતિ ક્યારેક અશાંતિમાં ફેરવાઈ શકે છે તેથી તેને આરુરૂક્ષ કહ્યો. કર્મયોગી શાંત છે જ્યારે સંન્યાસી અર્થાત્ પૂર્ણયોગી, પ્રશાંત છે. તેની શાંતિ આંતર્બાહ્ય છે. (સંન્યાસ એક સ્થિતિ છે, માત્ર પહેરવેશની કે ઘર છોડવાની વાત નથી).

કર્મયોગી શાંત છે કારણ પ્રભુ પર વિશ્વાસ છે. કર્મયોગી ભક્ત છે તો સંન્યાસી જ્ઞાની–ભક્ત છે. તે વિરક્ત પુરુષ છે. બાહ્યશાંતિ અજ્ઞાનમૂલક છે જ્યારે આંતર્બાહ્ય શાંતિ જ્ઞાનપૂર્ણ છે, જે જ્ઞાનીભક્ત પાસે છે.

શ્રીભગવાન કહે છે, તે મૂળભૂત પ્રશાંતિ પાછી મેળવ. તે જ સાચો આનંદ છે. આનંદતત્ત્વમાં ફરક નથી, તફાવત તેની અનુભૂતિમાં છે; નાના બાળકના નૈસર્ગિક આનંદમાં અને જ્ઞાનીમહાત્માના આનંદમાં તે દેખાય છે. નાના બાળકનો આનંદ સહજ હતો, મહાપુરુષે તે સિદ્ધ કર્યો.

તે પ્રશાંત પુરુષ માટે કહે છે..

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः॥ ६.७

ભાવઃ પ્રશાંત પુરુષના અંતઃકરણે (આત્માએ) શીત–ઉષ્ણ, સુખ–દુઃખ તથા માન–અપમાન જેવા દ્વન્દ્વો જીતી લીધાં છે. તે આત્મામાં પરમાત્મા (સચ્ચિદાનંદઘન) સમાહિત થાય છે, વસી જાય છે. ૭

પ્રથમ, અંતઃકરણે સુ–દુઃ જીતી લીધાં, કાઢી નાખ્યાં. ખં ને ખં તરીકે રાખી 'સુખ દુઃખ મનમાં ન આણી'ને, વિધાયક શં લાવીને, શંખં સાથે રમવા લાગ્યો. ત્યાં પરમાત્મા ભળે, સાથે રમવા આવે. તેની દૃષ્ટિમાં હવે 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' થઈ જાય. તે યોગીને સોનું શું ને માટી શું? સાધુ શું ને પાપી શું? समबुद्धिः विशिष्यते.. થઈ જાય. તેનું જીવન કેવું? તો પ્રભુ કહે છે,

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः॥ ६.१४

ભાવઃ તે પ્રશાંત આત્મા, બ્રહ્મમાં આચારી, વ્રત(નિયમ)બદ્ધ, ભયરહિત, મનથી સંયમિત એવો યુક્ત, મચ્ચિત્ત (મારામાં ચિત્તવાળો) અને મત્પર (મારા માટે આતુર) હોય છે. ૧૪

युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः।
शान्ति निर्वाणपरमां मत्संस्थामधिगच्छति॥ ६.१५

ભાવ : વશ કરેલા મનવાળો યોગી આમ મારામાં નિત્ય યુક્ત થઈ, મારામાં રહેતી, જેમાં નિર્વાણ થવાય તે પરમરૂપ શાંતિને મેળવે છે. ૧૫

તે આનંદમયી સ્થિતિની પ્રાપ્તિને જ 'યોગ' નામે સંજ્ઞા આપીને કહે છે, योगो भवति दुःखहा। ६.१७ 'યોગ થાય દુઃખહર.' આ યોગ આંતરિક પ્રક્રિયા છે, બહારની ઉઠક બેઠક નથી.

सुखमात्यन्तिकं यत्तद् बुद्धिग्राह्यमतीन्द्रियम्।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः॥ ६.२१
यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते॥ ६.२२
तं विद्याद् दुःखसंयोगवियोगं योगसञ्ज्ञितम्।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा॥ ६.२३

ભાવ : 'આત્યંતિક સુખ' એટલે જ આનંદ કે જે બુદ્ધિગ્રાહ્ય છે અને સર્વ ઇંદ્રિયોથી પર છે. તેને જાણીને.. અનુભવીને પુરુષ તે તત્ત્વથી, તે સ્થિતિમાંથી ચલિત થતો નથી. વળી તે આનંદી, તેનાથી અધિક હોય તેવો બીજો કોઈ લાભ દેખતો નથી. તેમાં સ્થિત થયેલો મહાદુઃખમાં પણ ડગતો નથી. 'દુઃખસંયોગનો વિયોગ' એટલે જ આનંદાવસ્થા! દુઃના અભાવની સંજ્ઞા 'યોગ' છે. યોગ એટલે આનંદ સાથે મેળાપ થવાપણું. તે યોગ નિશ્ચયપૂર્વક, ઉત્સાહી ચિત્તથી મેળવવા જેવો છે. ૨૧-૨૩

આત્યંતિક સુખ એટલે, આનંદ મેળવતા પ્રશાંત યોગી માટે કહે છે,

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम्।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम्॥ ६.२७
युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः।
सुखेन ब्रह्मसंस्पर्शम् अत्यन्तं सुखमश्नुते॥ ६.२८

ભાવ : પ્રશાંત મનવાળા યોગી કે જેનો રજોગુણ શાંત થઈ ગયો છે (પ્રવૃત્તિ શમી ગઈ છે) તે પાપ રહિતને, બ્રહ્મરૂપ ઉત્તમ સુખ (આનંદભાવ) મળે છે. આમ સદા સર્વદા આત્માને, આત્માનંદમાં જોડતો પાપરહિત યોગી સુખ પૂર્વક બ્રહ્મના સંસ્પર્શરૂપ આત્યંતિક સુખ એટલે કે પરમ આનંદનો અનુભવ કરે છે. ૨૭-૨૮

પાપ એટલે નિમ્નતા, નીચે આવવું. સ્વ-સ્વરૂપને ભૂલીને પેલી પતનપરંપરામાં પડવું તે પાપ થયું, પાપરહિત થવાથી મૂળ સ્વરૂપમાં સંસ્થિત થવાશે અને આત્યંતિક સુખ, આનંદ આવી મળશે. મળશે શું, હતો જ; અનુભવાશે.

યોગારૂઢ થયેલો તે સમાધીસ્થ સ્થિતપ્રજ્ઞ, શું દેખે? સુખ હોય કે દુઃખ બધું સરખું છે; શંખં! સર્વત્ર, સઘળું આત્મીય લાગે, તે અંતે કહે છે..

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः॥ ६.३२

ભાવ : અર્જુન! જે યોગી સર્વત્ર, સુખ હોય કે દુઃખ હોય, એક સમાન આત્મભાવથી દેખે છે તેને મેં પરમ શ્રેષ્ઠ યોગી માન્યો છે. ૩૨

યોગી એટલે આત્મસ્થ. સર્વને આત્મરૂપ દેખતા, સુખ ને કે દુઃખને સમાન 'શં' કલ્યાણમય ગણી વર્તતા તે યોગીને શ્રેષ્ઠતમ ગણ્યો છે.

ઈશ્વરને યોગી અતિપ્રિય છે. એમનું નામ "યોગેશ્વર" છે ને!

જીવન-યુદ્ધ તો કરવાનું છે જ. ભગવાન કહે છે, યોગી થા અને યુદ્ધ કર. ગીતાજીમાં પાંચ પાંચ વખત ભારપૂર્વક કહ્યું છે કે "તું યોગી થા" અને "તું યુદ્ધ કર". યોગ એટલે આપણા જીવનને અને જગતને ઈશ્વર સાથે જોડી દેવાં. એ યોગ મહાપુરુષે આપેલા જ્ઞાનથી કરીએ, ભક્તોએ સૂચવેલા કર્મયોગનાં રસ્તાથી કરીએ કે પરમેશ્વર પરનાં આત્યંતિક પ્રેમ-ભાવથી કરીએ, પણ કરીએ. તાત્પર્ય એ કે સગુણ-સાકાર, નિર્ગુણ-નિરાકાર ભગવાન સાથે જોડાઈ જવાય! એ યોગ છે; માનવ જીવન એનાં માટે છે.

યોગ એટલે આજે જે રીતે પ્રચલિત છે તે અંગ કસરતો નહીં; 'યોગા' યોગ+આ-સન નહીં. યોગ ગીતોક્ત હોય અથવા પતંજલિ યોગદર્શન પ્રણિત યોગ કે જેને અષ્ટાંગ યોગ પણ કહે છે તે આવશ્યક છે. સ્વામી વિવેકાનંદના તેના ઉપર 'રાજયોગ' પુસ્તકમાં ઉત્કૃષ્ટ પ્રવચનો છે.

છઠ્ઠા અધ્યાયને અંતે કહે છે,

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन॥ ६.४६
योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः॥ ६.४७

ભાવ : તપસ્વીઓથી શ્રેષ્ઠ યોગી છે, યોગી જ્ઞાનીઓથી પણ શ્રેષ્ઠ મનાય છે અને કર્મ કરનારાઓથી યોગી અધીક છે. તેથી હે અર્જુન! યોગી થા. સર્વ યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન મને અંતર્યામીને ભજે છે, તેને મેં યુક્તતમ એટલે કે સૌથી વધુ જોડાયેલો માન્યો છે. ૪૬-૪૭

યોગી શબ્દ યુજ્ ધાતુથી બન્યો. યુજ્ એટલે જોડવું, ઈશ્વર સાથે જોડવું. ભારતીય સંસ્કૃતિમાં જેમ સ્ત્રી તેનું સર્વસ્વ પતિમાં જોડી દે છે, સમર્પિત થાય છે તેમ આત્માએ પરમાત્મા સાથે જીવન જોડવાનું છે.

બહુ મોટો તપસ્વી છે, ઘણાં વર્ષોનું તપ છે પણ એ તપ ઈશ્વર સાથે ન જોડાય તો આ 'ઐશ્વરીય લીલા'ને કામનું શું? એ તપસ્વી અસુર કે રાક્ષસ થશે! કોઈ જ્ઞાનીએ ઘણું જ્ઞાન મેળવ્યું હોય પણ તે ઈશ્વર સાથે ન જોડાય તો તે 'યોગી' ક્યાંથી? વળી ભક્તની ભક્તિ પણ નકામી જો તે ઈશ્વરાભિમુખ ન હશે.. ઈશ્વરને મેળવવા માટેની ન હશે.

રાવણ, ઇતિહાસનું સૌથી મોટું ઉદાહરણ છે. ઋષિપુત્ર, બ્રાહ્મણ અને વિદ્વાન હતા; જ્ઞાની અને ભક્ત હતા પણ 'યોગી' ન હતા. તેમનાં કેન્દ્રમાં 'ભગવાન' નહીં 'ભોગ' હતો, તેથી અધર્મી થયા અને ઈશ્વરમાન્ય ન થયા. તે રીતે કર્મ, સંપત્તિ કે સાધન પણ ઈશ્વર સાથે યુક્ત ન હશે તો પ્રભુ પ્રસાદી નહીં બને. દુર્યોધને ઘણાં સારાં કામો કરેલાં, તેથી તો બહુજન સમુદાય તેની સાથે હતો; તે છતાં દુર્યોધનનું જીવન પ્રભુને પસંદ ન પડ્યું. પરંતુ, સુખ-દુ:ખ-તપ-જ્ઞાન-કર્મ-ભક્તિ કે સિદ્ધિ પણ જે ઈશ્વર સાથે જોડી દે છે તે પ્રભુને પ્રિય થાય છે; અર્જુન તે છે.

અધ્યાય સાત થી બારમાં ભારોભાર ભક્તિ ભરી છે. અહીં ભજમાનીને અર્થાત્ જે ભક્તિનાં રસ્તે છે, તેને પૂરતાં આશ્વાસનો મળે છે. અહીં ઈશ્વરનું

પૂર્ણ દર્શન છે.. વિશ્વરૂપદર્શન પણ છે. ભક્ત અહીં ભક્તિરસમાં તરબોળ થાય છે. આચાર્ય શંકરનો સૌથી ગમતો અધ્યાય અગિયારમો હતો.

શ્રીગીતામાં બીજું એક અગત્યનું વર્ણન હોય તો તે છે, 'ત્રિગુણાત્મક સૃષ્ટિ'! વિસ્તૃત વર્ણન છે, વાંચવાનો.. સમજવાનોય એક લ્હાવો છે!

ચૌદમાં અધ્યાયને અંતે ગુણાતીત ભક્ત કે જે ગુણોથી અતીત.. દૂર થઈને શાંતિ મેળવે છે, તેનું વર્ણન કરીને સમાપન કરે છે.

મળ્યું જે તે સુખ, માગ્યું તે તે દુઃખ;
ગણ્યું મેં તે શુભ, આપ્યું જે તેં ખૂબ!

ઉપરોક્ત સંપૂર્ણ વિષયનું સમાપન શ્રી ભગવાન પંદરમા અધ્યાયનાં એક શ્લોકમાં કરે છે. કહે છે તે બધાં જ દ્વન્દ્વો કે જેને 'સુખ-દુઃખ સંજ્ઞા' આપી છે તેને આત્મસ્થ, આનંદી પુરુષ જીતી લે છે.

निर्मानमोहा जितसंगदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसञ्ज्ञैर्
गच्छन्त्यमूढाः पदमव्ययं तत्॥ १५.५

ભાવ : જેનાં માન અને મોહ નષ્ટ થયાં છે, જેને સંગ (આસક્તિ) દોષને જીત્યો છે, જે નિત્ય આત્મમાં સ્થિત છે, કામનાઓથી બરાબર નિવૃત્ત છે; જેની સંજ્ઞા સુખ-દુઃખ છે તેવાં દ્વન્દ્વોથી વિમુક્ત થયેલાં અમૂઢ.. જ્ઞાની જનો તે અવિનાશી પદને મેળવે છે.૧૫

આ સંકલન છે. રાગ-દ્વેષ, માન-અપમાન, હાર-જીત, ઠંડી-ગરમી, કીર્તિ-અકીર્તિ.. તેમાં ગમતું-અણગમતું, જોઈએ-ન જોઈએ, સ્વીકાર-અસ્વીકાર વગેરે સઘળાં દ્વન્દ્વોને એક સંજ્ઞા આપી.. 'સુખ-દુઃખ'.

આ 'સુ ને દુઃ'ના દ્વન્દ્વથી જે મુક્ત થાય છે તે પુરુષ 'કામનારહિત' થાય છે. તેનો અહં 'સંગરહિત' બને છે. તે 'અવ્યયપદ' એટલે કે મૂળ આનંદમયી સ્થિતિ પુનઃ મેળવી લે છે. જે આત્મા इच्छा અને अहम्‌ની આંગળી પકડીને આવ્યો હતો તે મુક્ત થાય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, “મુક્તિ, મનુષ્યમાત્રનું ધ્યેય છે. તે આજે નહીં તો કાલે, આ જન્મે નહીં ને જન્મો પછી મેળવવાની છે જ; તો તેનો પ્રયત્ન અત્યારથી જ કેમ નહીં ?”

શ્રીગીતાનો છેલ્લો, અઢારમો અધ્યાય સૌનો ઉપસંહાર છે. તેનું નામ આપેલું છે 'મોક્ષસંન્યાસયોગ'. મહાપુરુષોની સ્થિતિ વિલક્ષણ હોય છે, મુક્તિ સામે ઊભી છે છતાં તેમનામાં 'જોઈએ છે'ની વૃત્તિ નથી. તેમને મોક્ષનો પણ

સંન્યાસ કર્યો! જીવનમાં સંન્યાસ આવે તો મુક્તિ મળે. આર્યોએ તો જીવનનો છેલ્લો આશ્રમ (મુકામ) પણ તે રાખ્યો; 'સંન્યાસાશ્રમ!' છતાં પ્રભુપ્રીતિમાં મગ્ન, ઈશ્વરમાં અનુરાગ રાખતા ભક્તોને, મુક્તિનો પણ વિરાગ લાગે. કેવી અલૌકિક સ્થિતિ છે? તેમને અદ્વૈત તત્ત્વનું પણ દર્શન થાય! કેવલ અદ્વૈત.. શુદ્ધ અદ્વૈત.. તેમના દ્વૈત અદ્વૈતનો અંતિમ નિર્ણય ઈશ્વર લે!

તેવા બ્રહ્મીભૂત સિદ્ધ મહાપુરુષો માટે શ્રીભગવાન સમાપને કહે કે..

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च॥ १८.५१
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः॥ १८.५२
अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम्।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते॥ १८.५३
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्॥ १८.५४

ભાવઃ વિશુદ્ધ બુદ્ધિથી યુક્ત, નિયમથી આત્મસ્થ, વિષયત્યાગી, મન-વાણી-શરીરને વશ કરતો, ધ્યાનયોગમાં પરાયણ નિત્ય વિરાગમાં રહેતો હોય છે. અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ, પરિગ્રહ (પતનપરંપરા) ત્યાગીને નિર્મમ અને શાંત પુરુષ બ્રહ્મભાવને પામે છે. બ્રહ્મભાવિન તે પ્રસન્ન-આત્માને નથી શોક કે નથી આકાંક્ષા (જોઈતું- ન જોઈતું). સર્વને સમાન ગણતો તે મહાપુરુષ 'મારી પરાભક્તિ'ને મેળવે છે. ૫૧-૫૪

पराम् मद्-भक्तिम् આ જીવનની પરાકાષ્ઠા છે. ભારતીય તત્ત્વજ્ઞાને એનાં અદ્‌ભૂત વર્ણનો કર્યાં છે. 'લીલા' અહીં સમજાય છે. 'રાસ' અહીં રમાય છે. તેનું વર્ણન અશક્ય છે.

ભારતીય તત્ત્વજ્ઞાન સમજવા માટે ભારતીય થવું પડે! તેને માટે સાચા (પ્રામાણિક) શિષ્ય બનો કે ભારતીય 'પતિવ્રતા' સ્ત્રી જેવું જીવન સ્વીકારો. સમર્પણ માત્ર આમને શક્ય છે. શિષ્યને સર્વત્ર ગુરુ દેખાય; એને બધેથી

જ્ઞાન મળે. પત્નીને માત્ર સ્વામી દેખાય, બધું સ્વામી માટે દેખાય. ગીતા કહે છે, वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः તે આ.

જ્યાં 'તું જ તું' હોય ત્યાં 'હું' ક્યાં? વિલીન થઈ જાય. 'બધું જ તારું' હોય ત્યાં મારું શું? સમાઈ જાય. 'તારા જ માટે' હોય ત્યાં 'મારા' કર્મનાં પોટલાં ક્યાં? અકર્મ થઈ જાય. નિરહંકાર–નિર્મમ–નિષ્કામ સ્થિતિ!

ઠીક આને કહેવાય શરણભાવ. શિષ્ય ગુરુને શરણે કે પત્ની પતિને શરણે. અહીં શરણમાં નાનમ નથી, નાનાપણાનો આનંદ છે. ગુરુત્વ સામે લઘુત્વ નહીં, શિષ્યત્વનો – પૂજ્યત્વનો ભાવ છે; અને શીષ નમાવવું તે 'તાબે થવું નહીં' પણ પ્રેમથી–આદરથી–આનંદથી 'તેનાં થવું' છે. શરણતા, મદદ કે કંઈક માંગવાની કૃતિ નથી, પૂર્ણ થવાની વૃત્તિ છે; અંશનું અંશીમાં ભળવાપણું છે.

આ શરણભાવ જે શ્રેષ્ઠ જીવનપદ્ધતિ છે, તેને હવે શ્રી ભગવાન અંતે કહે છે. આ સાર માત્ર ગીતાનો નહીં, મહાભારતનો છે; વિશ્વસાહિત્યનો છે. બે સંબંધો માટે માત્ર બે બે શ્લોક છે. શિષ્યને કહે છે..

ईश्वरः सर्वभूतानां हृदेशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानि मन्त्रारूढानि मायया॥ १८.६१
तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्॥ १८.६२

ભાવ : હે અર્જુન! તે (ગુરુઓના ગુરુ) ઈશ્વર, સૌ પ્રાણીઓનાં હૃદયમાં વસેલા છે. તે (તેમની અલૌકિક) માયાથી સૌને આ (જગતરૂપી) યંત્રમાં ભમાવે છે, ચકડોળમાં રમાડે છે. હે ભારત! સર્વભાવે તે (અંતર્યામી)ને શરણે જા. તેમની પ્રસન્નતા (કૃપા)થી પરમશાંતિ અને શાશ્વત પદ (આનંદધામ)ને મેળવીશ. ૬૧–૬૨

પ્રિય છે પણ જિજ્ઞાસુ છે, શિષ્યની વૃત્તિવાળો છે, તેને કહે છે, આ જગત ધ્યાનથી જો તેની ગતિમાં જગદ્ગુરુ દેખાશે, ગુરુની લીલા દેખાશે. એમને પ્રસન્ન કરવાથી જ્ઞાન અને તે પછી મોક્ષ મેળવીશ. આ જ્ઞાનમાર્ગ છે.

ભક્તિમાર્ગમાં, જે ખૂબ પ્રિય છે તેને કહેવા માટે પહેલાં કહે છે..

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥ १८.६४

ભાવ : સૌ કરતાં એકદમ રહસ્યમય, તું મારું પરમ વચન સાંભળ. તું મને અતિપ્રિય છે તેથી તને આ હિત કહું છું. ૬૪

અને પછી પ્રિયતરને.. ઘણો વહાલો છે તેને કહે છે.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे॥ १८.६५
सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥ १८.६६

ભાવ : મારામાં મન પરોવ, મારો ભક્ત થા, મને પૂજ, મને નમસ્કાર કર.. મને જ મળીશ એ સત્ય પ્રતિજ્ઞા કરું છું, તું મને પ્રિય છે. સૌ ધર્મો (ત્વપણા)નો ત્યાગ કરીને મારે એકને શરણે આવ, હું તને સર્વ પાપોમાંથી છોડાવીશ; શોક ન કર. ૬૫-૬૬

'રાજાને ગમી તે રાણી' અને આ તો આખા બ્રહ્માંડનો રાજા! પત્ની જે વ્યવહારો કરે છે તે બધી સંજ્ઞાઓ અહીં (જે ભારતીય સ્ત્રીનું, પત્નીનું આદર્શચિત્ર છે તે) દર્શાવ્યું છે અને કહે છે, "તારું બધું હું ફોડી લઈશ!"

વાદળી વરસીને વિરમે, સરીતા સાગરે સમાય.. તેમ આત્મા પરમાત્માને મળે; જીવ-શિવ એક થાય. આ 'સ્થિતિ', આ 'અનુભૂતિ' માટે મહાપુરુષો કહે છે કે જીવનને લક્ષ્મીરૂપ કરો, શોભાયમાન કરો; તો એ 'વર' આવશે અને લઈ જશે.

'તીરૂ(લક્ષ્મી)' પતિ કહો કે 'શ્રી'નાથ કહો પણ નારાયણને 'સ્વામી' કરો. હું શ્રીલ થાઉં, લક્ષ્મીરૂપ લઉં તો હાક મારી શકું "સ્વામી નારાયણ!".

ભક્તિ એટલે 'સંબંધ'. હું કયા સંબંધે ઈશ્વર સાથે જોડાયેલો છું? તવાસ્મિ। તારો છું પણ શું છું? 'હું' તેનો કોણ છું? પુત્ર છું, મિત્ર છું કે

ત્રાહિત છું? ઈશ્વર પણ તેવો જ પરસ્પર વ્યવહાર કરે છે. બહુ સ્પષ્ટ કહ્યું છે ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्॥ ૪.૧૧ "જે જેવાં મારે શરણે, તેને તેવાં જ હું ભજું છું!" હિસાબ ચોખ્ખો!!

વળી, પ્રામાણિકતા જ સાચો વ્યવહાર છે. જો હું તેનો પુત્ર હોઉં તો પુત્ર તરીકે રહું છું ખરો કે? તે સંબંધે પ્રામાણિક છું કે? આજે તો ભીખારી પણ ક્યાં પ્રામાણિક છે? વ્યવહારમાં આપણે પાક્કા તો ઈશ્વર કાચા હોય?

ઈશ્વર પ્રત્યેકની સાથે છે. એ બદલાતા સંબંધો નોંધે છે, આપણી પ્રામાણિકતાની પરીક્ષા કરે છે અને તે પ્રમાણે વર્તે છે! આ ભક્તિનો માર્ગ છે, માનવનો ઈશ્વર સાથેનો વ્યવહાર છે!

આ ભક્તિ અને સંબંધપૂર્વક સઘળે દેખાતી તે ઈશ્વરની અભિવ્યક્તિ જ શ્રેષ્ઠ ભારતીય તત્ત્વજ્ઞાન છે. પૂજ્ય દાદા કહે છે, "વિશ્વમાં લઈ જવા જેવાં બે જ શ્રેષ્ઠતમ તત્ત્વો ભારત પાસે છે, એક ભક્તિ અને બીજી મૂર્તિપૂજા".

બીજું કાંઈ નહીં તો, 'સૌ ઈશ્વરના સંતાન!' એ દૃષ્ટિકોણે પણ, જેમ હું તેનો દિકરો તેમ બીજા પણ તેનાં જ સંતાન; ઈશ્વર એ નોંધે છે કે દિકરાનો ભાઈ–બહેન સાથેનો વ્યવહાર કેવો છે. અહીં પિતા–પુત્રનો સીધો વ્યવહાર છે, ભાઈ–બહેન તો નિમિત્ત છે!

અને સૌ કરતાંય શ્રેષ્ઠ સંબંધ 'પ્રિયા–પ્રિયતમ'નો છે. આ મધુરાભક્તિ સર્વશ્રેષ્ઠ ભક્તિ ગણાઈ છે. તેનું તત્ત્વજ્ઞાન સર્વોત્તમ છે.

જીવન કરવું 'ઈશ્વરમય' એ ભક્તિનો સાર
'સ્વમય' ઈશ્વર ઓળખવો એ જીવનનો રાસ

**अ** વિશાળ ભારતીય તત્ત્વજ્ઞાન માટે મહાસાગર નાનો પડે અને આશ્ચર્ય! એ કહેવા માટે એક अ અક્ષર પૂરતો છે.

अ 'અક્ષર' છે, 'તત્ત્વજ્ઞાન' છે.

કહે છે, अकारो वासुदेवस्यात्.. સર્વ अરૂપ છે, अમય છે. તે अક્ષર, अવ્યયી પરબ્રહ્મને થયું एकोहम् बहुस्याम्.. હું એક છું, બૃહત્ થાઉં અને તેને વાગા પહેર્યાં, અન્ય રૂપ લીધાં.. अक्षराणाम् अकारोऽस्मि..

अ आ अि अी અને રમતનો આરંભ થયો...

આ અક્ષર વિસ્તર્યાં અને શબ્દ થયાં.. शब्द खे..

अहं आत्मा इच्छा ईश्

હવે સં.બંધ કર્યો... पिताहमस्य जगतो माता धाता..

| | | | | | |
|---|---|---|---|---|---|
| अहं | = | પિતા | आत्मा | = | વધૂ |
| इच्छा | = | માતા | ईश् | = | વર |

મા – બાપ પ્રાણી માટે નિમિત્ત છે. તો 'જીવાત્મા' માટે નિમિત્ત કોણ? 'ઇચ્છા ને અહં'. એમના થકી તે શુદ્ધ ચૈતન્ય 'જીવરૂપ' બન્યું.. આ જગતમાં ફરવા નીકળ્યું!

વિભૂતિમત્વ આવે તો પૂજ્યત્વ આવી જાય. 'જીવ' મોટો થાય તેમ તેમ માતા–પિતાનું મહત્ત્વ સમજે. જો ઇચ્છા માઁ રૂપે દેખાશે તો તે ક્યારેય હલકી ન થશે. ઇચ્છા શ્રેષ્ઠ થઈ જાય! અને ઇચ્છા કોઈ પણ હોય! મારી ક્યાં છે? मे ना, મારી તો માતા છે; અને અહં हिमालय જેટલો મોટો હોય તોયે શું? એ પિતાનું ઘર તો છોડવાનું છે! મારે જાવું શિવને ઘેર! માઁ પાર્વતીનું જીવન આ તત્ત્વજ્ઞાન સમજાવે છે!! તપ કરવું પડે..

જેવી આત્મા શુદ્ધ થાય, બુદ્ધ થાય તો આ સ્થિતિ મળે અને ત્યારે ઈશ્–વર બનીને આવે અને आत्मा–વધૂને લઈ જાય. આ ઉમા–મહેશ્વર રહસ્ય!!

આ આત્મા અને ઈશ્વરનું મિલન તે .. આ ઈ ..

આઈ એટલે માતા. માઁ અકારણ બાળકનું કલ્યાણ કરે, શિવની જેમ જ. 'આઈ' અટલે જ અકારણ જગતનું કલ્યાણ કરતાં આપણા ઋષીઓ!

એક અનુભૂતિ માત્ર બે વ્યક્તિને થાય. સ્ત્રીને અને મહાપુરુષને. ફરક માત્ર, એકનો સંસાર લૌકિક છે બીજાનો પારલૌકિક. કન્યા ૧૮ વર્ષથી ઘરમાં રહેતી હોય, પરણતાં જ દૃષ્ટિકોણ બદલાઈ જાય! ઘર 'પીયર' થઈ જાય. મારું છે, વ્હાલું છે પણ હવે તે પીયર છે, 'મારું ઘર' બીજું છે. મહાપુરુષને ઈશ્વર લઈ જાય, આ જગત તેનું પીયર બની જાય. એમની અનુભૂતિ કંઈક આવી છે.

अक्षरनां शब्द थयां, शब्दो हवे वाक्य बने छे; संबंधनुं कवन थाय छे.

॥ आई ॥

अब ये जग है मैको मेरो इच्छा–अहं ने सिधाई है।
जनम–रूप–रंग अनुपम दिन्हो पीया–भावन को सजाई है॥
ईश्–वर मेरे में आतम उनकी सौभागी कहाति 'आई' है।
रंग–संग जानुं सब कुछ ई'को रम्यलीला जो रचाई है॥

હવે આની સમજૂતિ શું હોય? ભારતીય બ્રહ્મવેત્તાઓને ઓળખો, સમજી લો. એ સામે ચાલીને થોડું કહે કે એ કોણ છે? એમની અનુભૂતિ શું છે? એ તો પરમધામના નિવાસી! यद् गत्वा न निवर्तन्ते तद्धामः.. એ અહીં રહ્યા છે તે આપણા કલ્યાણ માટે! એમની પાંસેથી જાણી લો, સમજી લો કે પરમનો પથ કેમ પમાય? એ મહાપુરુષોને આ સૃષ્ટિ લીલા લાગે! આપણને આપણી યોગ્યતા પ્રમાણેનું જ કહે, આપણા વિકાસ માટે જ કહે. એમનું કહ્યું કરવામાં આનંદ! ત્યાં આપણા સુખ–દુઃખ વચ્ચે ન લાવવા કે આપણી બુદ્ધિનું ટમટમ ન દેખાડવું.

જગતને જરુર પડે ત્યારે મહાપુરુષ આઈ (આવી) કહીને કૂદી પડે.

આપણા માટે તે માઁ; આદર્શમૂર્તિ, જગતનાં માર્ગદર્શક!

ધર્મ એટલે શું? 'મહાપુરુષનું અનુસરણ જ' તેથી તો સંપ્રદાયો થયાં!

આઈની અનુભૂતિ જ આપણું ખરું ગંતવ્ય છે. મોટા મોટા જ્ઞાનીઓ તલસે છે તે 'રાસલીલા' અહીં છે, એમ ભાગવતકાર કહે છે. જગતનાં પથદર્શક, ઇતિહાસકાર અને મહાન વિભૂતિ શ્રીવેદવ્યાસ, સૌ સાહિત્યનો સારાંશ કહે છે કે कृष्णं वन्दे जगद्‌गुरुम् ને कृष्णस्तु भगवान् स्वयं। એટલે કે તું જો 'શિષ્ય' બને તો શ્રીકૃષ્ણ જગતનાં પ્રત્યેક ક્ષેત્રનાં માર્ગદર્શક છે, ગુરુ છે. તેનો થઈ જા. અને 'સુભાગી' બને તો તે ભગવાન છે, વર છે. જે એનાં થઈ જાય છે તેનાં લલાટે 'સૌભાગ્યરૂપ કીર્તિ-તિલક' થાય છે.

તે પૂર્ણ, આનંદ સ્વરૂપ-આનંદ ધામ.. ત્યાં, જ્યાં સુખ અને દુઃખ આનંદમય બની જાય છે.. સંજ્ઞાઓનાં સર્વ આભાસ જ્યાં શમી જાય છે.. તે શ્રીકૃષ્ણને શરણે જવાવ. पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम॥

પૂર્ણ આનંદ હરિ તેથી કૃષ્ણ જ ગતિ હો મારી.

દાદાજીના સ્વાધ્યાયે આ રીતે જીવતાં શીખવાડ્યું;

અદ્વૈતે આનંદ દિસે એ વેદ ખરે વદતાં,<br>
દ્વૈતે મિલન મધુરું માણું હું ઘનશ્યામ;


જય યોગેશ્વર ભગવાન!



શ્રી ઘનશ્યામભાઈ  દેસાઈ
શ્રીમતી જમુનાબેન દેસાઈ

હે વિભુ! અનંતરૂપે  વ્યાપી રહ્યાં તવ વિશ્વે!
માત-પા છો ગૃહે ગૃહે  વિરલ વિભૂતિરૂપે!!
વંદે માતરં ..  વંદે પિતરં ..

○ પ્રશાંત ઘનશ્યામ-જમુના દેસાઈ



www.dipt.me